# અધ્યાત્મ

વર્ષ : ૭  નવેમ્બર–૧૯૮૫  અંક : ૨



## * નૂતનવર્ષાભિનંદન *


અધ્યાત્મના વાચકો ગ્રાહકો તથા આજીવન સભ્યોને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવીએ છીએ. —તંત્રી

## * સદ્દભાવ ભરી ભેટ *

અધ્યાત્મના વાંચકો સદ્દભાવભરી ભેટ સ્વેચ્છાએ યાદ કરીને મોકલતા રહે છે, એમાં અમને પ્રભુની ને ગુરૂની કૃપાનાં દર્શન થાય છે. અમે જાણીએ છીએ કે સત્કર્મ માટે ગુરૂ કે પ્રભુ જ પ્રેરી શકે છે. આ સહુ ભાઈ બહેનોનો અમે આભાર માનીએ છીએ. ભેટની વિગત નીચે પ્રમાણે છે.

રૂા.

૧૦૦ શ્રીમતી સુશીલાબેન મોહનલાલ ભક્ત, ૧૯૮૫નો શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો તે નિમિત્તે
૧૫ શ્રી નગીનદાસ ગિરધરલાલ દોશીની પુત્રીની સગાઇ નિમિત્તે
૧૫ શ્રી કિશોરભાઇ પોપટલાલ બાબરિયા લગ્ન નિમિત્તે
૧૫ શ્રી દિનેશચંદ્ર પ્રાણજીવનદાસ રાણા, સુરત
૨૫૧ શ્રી ભુપતભાઈ દેસાઈ, પાટડી
૨૫ શ્રી પન્નાબેન ત્રિવેદી, ભાવનગર
૨૫ શ્રી મગનલાલ ઓધવજી તન્ના, વડોદરા
૯૬૧ કેનેડાના ગ્રાહકો તરફથી
૧૫ શ્રી અજયભાઇ નટવરભાઈના જન્મ દિન નિમિત્તે
૨૫ પ્રિયંકાકુમારી મગનભાઈ પટેલ
૫૧ શ્રી સૂર્યકાન્તભાઈ ભટ્ટ, ભાવનગર
૫૧ શ્રી જી. બી. પટેલ, મોરબી
૧૧ શ્રી મહેશ ર. દવે, મોરબી જન્મદિન નિમિત્તે
૧૧ શ્રી હિમ્મતભાઈ કાવર, મોરબી પુત્રીના જન્મ પ્રસંગે
૭૦ શ્રી ગોપનાથના શિબિરાર્થીઓ તરફથી હા. સંગીતા દેસાઇ
૩૧ શ્રી સ્મિતાબેન કમલેશભાઇ દવે



પરમ તપસ્વીની પ. પૂ. શ્રી શ્રી મા સર્વેશ્વરી

# * જય જય જ્યોતિર્મયી માતા *

જય જય જય જ્યોતિર્મયી માતા
વંદુ માત ભવાની.

લાડકવાયા પુત્રરત્નને પ્રભુપંથે પધરાવ્યા,
ત્યાગ તમારો ધન્ય ગણીને દેવો પણ હરખાયા...જય

દેવપ્રયાગે પ્રભુની સાથે છાયા બની વિરાજ્યાં,
કષ્ટ સહ્યાં એકાંત પ્રદેશે શ્રદ્ધાદીપ પ્રગટાવ્યા...જય

વ્રતઉપવાસો પ્રભુના આપે સમજણ થકી વધાવ્યા,
પ્રત્યક્ષ માતૃદેવ ગણીને પ્રભુએ પણ અપનાવ્યાં...જય

પુત્રરત્નને પ્રભુરૂપ માની પરમશાંતિ તમે પામ્યાં,
જીવનનું કલ્યાણ કરીનેવ નભા બંધન ટાળ્યાં...જય

સેવાનું સદ્ભાગ્ય ધરીને સર્વેશ્વરીને સ્વીકાર્યાં,
અંતે કૃપા ઘણી વરસાવી આશિષ દઈને સીધાવ્યાં...જય

મનહર મંગલ માતૃઅંકમાં બાળસ્વરૂપે પધારી,
યોગેશ્વર પ્રભુ દર્શન દેજો વિનતિ લેજો વધાવી...જય

કૃપાતણી વર્ષા વરસાવો પરમધામથી પ્રેમે,
સર્વેશ્વરીનો સાદ સુણીલો યોગની અવનવી રીતે...જય

—સર્વેશ્વરી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૭ અંક : ૨ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૫-૦૦ વિદેશમાં રૂા. ૧૨૫-૦૦ ( વિમાનથી )
**સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ.
**તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
**સહસંપાદકો :** શ્રી નાનુરામ દુધરેજિયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
**પ્રકાશન અને પ્રાપ્તસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૯૮ બી સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧
**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની ફોન : **૨૮૬૯૩**
**મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બારડીગેટ ભાવનગર-૧

## લેખકોને નિમંત્રણ

અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપજ લેખો સ્વીકારવામાં આવશે.

લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિધ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

* 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
* 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
* પત્રવ્યહવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
* 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.

દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## * અનુક્રમણિકા *


| | | |
|---|---|---|
| આદર્શ વાત | યોગેશ્વરજી | ૩ |
| પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન | નારાયણ હ. જાની | ૫ |
| પુણ્યતિથિના પગલે પગલે | પ્રતિમા અજય જાની | ૯ |
| ગંગામૈયાની ચિન્મયતાની વિરલ અનુભૂતિ | મા સર્વેશ્વરી | ૧૧ |
| ઓળખો આપણા મનને | મંગલભાઈ પંચાલ | ૧૬ |
| જગન્નાથજીની યાત્રાની સાથેસાથે | ગોરધનભાઈ કલોલા | ૨૨ |
| ગુરુ તો લૂંટારો રે ! | ઈશ્વરભાઇ ભક્ત | ૨૫ |
| હીરલો ખોવાણો | રણજીત પટેલ | ૨૬ |
| સંવત્સરી પ્રસંગે | સતીશ ભક્ત | ૨૮ |
| " સત્સંગ " | ઇશ્વરભાઇ શાહ | ૨૯ |
| તૃષ્ણા ક્યારે શમે ? | શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસ | ૩૭ |
| ધર્મનું જીવનમાં સ્થાન | મણીભાઈ ૨. દવે | ૩૯ |
| એક અદ્‌ભુત આત્મદર્શી ગૃહસ્થી સંત શ્રીમદ્ રાજચંદ્ર | જે. વી. શાહ | ૪૫ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૦ |
| ટોરોન્ટો ધ્યાન કેન્દ્રનો સંદેશો | — | ૫૫ |
| પ્રાર્થના | મા સર્વેશ્વરી | ૬૨ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૭ નવેમ્બર-૧૯૮૫ અંક : ૨


## આદર્શ વાત

એમણે ઉપદેશ આપતાં કહ્યું છે કે જે કરવાનું ના ગમતું હોય, મન ના થતું હોય તે બધું કરો. કારેલાં ખાવાનાં નથી ગમતાં માટે ખાવ. વહેલા ઊઠવાનું નથી ગમતું માટે વહેલા ઊઠો. વ્યાયામ કરવાનું મન નથી થતું માટે વ્યાયામ કરવા માંડો. મનને જે ગમે છે તે ના કરો. નિંદા કરવાની ગમે છે માટે નિંદા ના કરો. પ્રમાદ પસંદ પડે છે તેથી તેનું સેવન ના કરો.

તેમનો ઉપદેશ કાંઈ સાવ ઉપેક્ષાપાત્ર ન હતો, પરંતુ વિચારવા જેવો જરૂર હતો. એમના કહેવા પ્રમાણે મનને જે ના ગમતું હોય તે બધું કરવા માંડવાનું હોય તો તો ચોરી નથી ગમતી માટે ચોરી કરીએ. હિંસા, નિંદા, વ્યભિચારાદિ પસંદ નથી પડતાં તેથી તે કરવા માંડીએ. સિનેમા જોવાનું, કોઇનું બગાડવાનું નથી ગમતું તો સિનેમા—જોઇએ; બીજાનું બગાડીએ અને એથી ઉલટું વહેલા ઊઠવાનું ગમે છે માટે વહેલા ના ઊઠીએ. વ્યાયામ ગમે છે માટે વ્યાયામ ના કરીએ. જપમાં મન લાગે છે, માટે જપ ના કરીએ. પ્રાર્થના, ધ્યાન, સત્સંગ, સ્વાધ્યાય, સંયમ, તપવ્રત, ઉપવાસ, દાનજાત્રા ગમે છે, પસંદ પડે છે. એમાં મન લાગે છે માટે એ સૌનો

આધાર ના લઈએ. ફળ ગમે છે માટે ના ખાઈએ. દૂધ પસંદ પડે છે માટે ના પીએ. એનાથી મનને પાછું વાળીએ. વાસી, મલિન, ઉચ્છિષ્ટ ભોજન નથી ગમતું તેથી ખાવા લાગીએ. મોડું ઊઠવાનું નથી ગમતું માટે મોડા ઊઠવાનું આરંભીએ. ધૂમ્રપાન પસંદ નથી પડતું તેથી ધૂમ્રપાન કરવા માંડીએ. જે કાંઈ ગમે છે તે ના કરવાની અને જે નથી ગમતું તેને કરવાની તેવી દલીલ અથવા ઉપદેશ વાણી કે ભલામણને અનુસરીએ તો ક્યાં જઈને ઊભા રહીએ તે વિચારવા જેવું છે. તેની કલ્પના કરાળ–અતિકરાળ લાગે છે. મનને એવો છૂટો દોર આપવાનું કાર્ય ક્લેશકારક થઈ પડે. કલ્યાણકારક ભાગ્યે જ બની શકે.

મુખ્ય નોંધપાત્ર ઉલ્લેખનીય વાત મનને જે ગમે છે તે કરવાની, કે ના કરવાની નથી. મનને જે કાંઈ ગમતું નથી તે ના કરવાની કે કરવાની પણ નથી. મહત્ત્વનો મહામૂલ્યવાન મુદ્દો એ છે કે માનવ વિચારશીલ છે ને વિચારશીલ બને ને રહે એવી અપેક્ષા રખાય છે. જો પોતાની આદત, ખાસિયત, રુચિ, અરુચિ, પસંદગી નાપસંદગીના સારાસારને સમજે અને પોતાને માટે જે કલ્યાણકારક આત્મભાવને–વધારવા માટે મદદરૂપ હોય, જીવન વિકાસ માટે શુદ્ધ અને અનિવાર્ય રૂપે–આવશ્યક અથવા ગુણકારક હોય તેનો સ્વીકાર કરે, લાભ ઉઠાવે, એનાથી વિરુદ્ધ હોય એનો અસ્વીકાર કરે. સુશિક્ષિત, સુસંસ્કૃત, સભ્ય, સુવિચારશીલ માનવતરીકે એની પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે. પ્રત્યેક પદાર્થ, પરિસ્થિતિ, પ્રસંગના ગુણાવગુણને વિચારીને એનો સ્વીકાર અથવા અસ્વીકાર કરવો, એને માટેના અભિગમને નક્કર કરવો એ જ ઉત્તમ છે. આદર્શ છે. સારું છે. ઇચ્છવા જેવું છે. અનુકરણીય પણ એ જ લાગે છે.

શ્રી યોગેશ્વરજી



# પૂ. માશ્રી સર્વેશ્વરીનો જન્મદિન

નારાયણ હ. જાની

સૃષ્ટિના આરંભકાળથી જન્મ અને મરણનું ચક્ર સતત ચાલ્યાં જ કરે છે. કરોડો માણસો અત્યાર સુધીમાં આ સૃષ્ટિમાં જન્મ્યા ને સમય જતાં કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ગયા. પરંતુ જેઓ પ્રભુના માર્ગે વળ્યા, બીજાના માટે જીવ્યા, તેઓનો જન્મ મંગલમય ઠર્યો, તેમનું જન્મવું સાર્થક ઠર્યું. ભક્ત, સંત, મહંત કે મહાત્માઓનો આ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ હંમેશાં સમગ્ર સૃષ્ટિના જીવો માટે સુખદાયક ને શાંતિ પ્રદાયક ઠરે છે, કારણકે જગતમાં જન્મેલા મોટો ભાગના જીવો-સ્વાર્થ પરાયણ બની સૃષ્ટિમાં દુઃખ, ભય, આતંક ને ક્લેશ ફેલાવે છે, જ્યારે પ્રભુના માર્ગે વળેલા જીવો સંપ, શાન્તિ ને સુખનું પ્રદાન કરે છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો જન્મ તા. ૧૩ નવેમ્બરના રોજ આવે છે એમના જન્મથી કેવળ કપૂરાની ધરતી જ નહિ, પરંતુ સમગ્ર ગુજરાતની ભૂમિ ધન્ય બની છે; કારણ એમના જન્મના પરિણામે ભારતના જ નહિ પરંતુ પરદેશની ધરતી ઉપર વસતા અનેક જીવો જીવનમાં નવો પ્રકાશ પામ્યા છે. ભય, ક્લેશ, અને વ્યસનોમાંથી મુક્ત થયા છે; નવજીવન પામ્યા છે, ને જીવનમાં નવો ઉત્સાહ ને ધગશ પ્રાપ્ત કરી, બીજાઓને ઉપયોગી બનતાં શીખ્યા છે.

પ. પૂ. ગુરૂદેવ શ્રી યોગેશ્વરજીએ ભારતના પ્રાચીન આધ્યાત્મિક વારસાને આજના યુગના સંદર્ભમાં યથાર્થ રીતે સમજવામાં ભારત અને ભારત બહારના લોકોને ઘણી મદદ કરી છે.

ધર્મની સાચી સમજ પૂરી પાડી છે તેમજ આત્મિક વિકાસમાં વ્યક્તિની પોતાની કેટલીક ભ્રાન્ત ગ્રંથિઓ, માન્યતાઓ તેમજ પ્રમાદજ અવરોધરૂપ છે, તે વાત સરસ રીતે સમજાવી છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પૂ. શ્રીનું આ યુગ કાર્ય આજે આગળ ધપાવી રહ્યાં છે.

પૂ. શ્રીના લીલા સંવરણ પછી પૂ. માનુ તપ અખંડિત એકધારૂં ચાલી રહ્યું છે. એમની આત્મિક શક્તિ સહુને ચકિત કરે તેવી છે. તા. ૮–૧૧–૮૫ના રોજ પૂ. માના ઉપવાસો ૬૦૦ દિવસનો વિક્રમ આંક વટાવી ગયા છે છતાં તેઓ એટલાં જ પ્રસન્ન સ્ફુર્તિલા ને વિનોદી છે, જેટલાં પહેલાં હતાં. આશ્ચર્ય પમાડે તેવું આ નથી શું?

પૂ. શ્રી ગુરુદેવે અનેકવાર પુનરૂક્તિનો ભય વહોરીને પણ પૂ. મા વિષે કહ્યું છે કે તેઓ શક્તિનો સાક્ષાત્ અવતાર છે. જેઓ તેઓને ઓળખશે, તેઓ આ સંસારમાં તરી જશે. પૂ. શ્રીની આ આર્ષવાણી આજે કેટલી બધી સાચી જણાય છે!

આવાં માનો જન્મદિન સહુ સાધક ભાઈબહેનો માટે મંગલપર્વ સમાન હોય એ સ્વાભાવિક છે. પૂ. માને તો કંઇ જોઇતું નથી, તેઓ તો આત્મતૃપ્ત હોઇ કેવળ આપણો પ્રેમ જ ઇચ્છે છે, ને બદલામાં કેટલું બધું આપે છે! તપ, ત્યાગ ને તિતિક્ષા શીખવે છે, મોહ, મદ ને માયાનાં બંધન કાપે છે, સેવા, સદ્‌ભાવ ને સમર્પણના પાઠ ભણાવે છે. જેનાથી આ દુસ્તર ભવસિંધુ સહેલાઇથી તરાય. કહો, આનું મૂલ્ય ભૌતિક સાધનો કે સંપત્તિથી શી રીતે અંકાય!

પૂ. માનો પ્રેમ અદ્‌ભુત છે. જેઓ એનો સંસ્પર્શ પામે છે, તેની આત્મિક જાગૃતિ સહજ બની જાય છે, ને તેઓ



એક અથવા બીજા પ્રકારે નવો પ્રકાશ પામી પ્રભુના પંથે વળે છે, આ પંથમાં ટકી રહેવાનું બળ કે શક્તિ પણ તેઓજ પૂરા પાડે છે. ભાવભક્તિ ને શ્રદ્ધાથી સ્વાધ્યાય ને સત્કર્મ તેઓ કરાવતાં રહે છે; જે મનુષ્યનું સર્વપ્રકારે મંગલ કરે છે, ને તેને માટે કલ્યાણકારક ઠરે છે.

આ માનો જન્મદિન કપુરાની ધરતી ઉપર તા. ૧૩/૧૧/૮૫ ના રોજ ઉજવાય છે. વિક્રમ સંવતના નૂતનવર્ષનો તે પ્રારંભ દિન છે. કેવો મંગલકારક ત્રિવેણી સંગમ! કપુરા ધ્યાન કેન્દ્રના ભાઇઓએ સર્વ સાધકોને આ પ્રસંગે પધારવા સપ્રેમ આમંત્રણ પાઠવ્યું છે.

પ. પૂ. ગુરુદેવની અસીમ કૃપાથીજ પૂ. મા તેઓનું આ તપ કરી રહ્યાં છે. પ્રભુની કૃપા ને સંમતિ સિવાય માનવ દેહધારી આવું તપ જવલ્લેજ કરી શકે! છેલ્લા સો દિવસોથી તો પૂ. મા નાળિયેર કે લીંબુનું થોડું પાણીજ લે છે. એમાંય કદીક ઉપરામતા થઇ જાય તો એનો પણ ત્યાગ કરી દે છે, છતાં જીવન પ્રસન્નતાપૂર્વક ચાલે છે. એ આશ્ચર્યકારક નથી શું!

એટલે પૂ. માના જન્મદિન અંગે આપણે સહુ પ્રભુની એ પરમશક્તિને પ્રાર્થીએ કે અમારાં માનું મંગલ ધ્યેય આપ જલ્દીથી પરિપૂર્ણ કરો, એમને સર્વ શક્તિ ધરો જેથી આ દુનિયાના દીન, દુઃખી ને ત્રસ્ત માનવોના મંગલ માટેની ઉષા પ્રકટે; સાધકોની સાધના સફળ બને ને ભારતની ભગવતી સ્વરૂપ સ્ત્રી શક્તિના મહિમાનો મંગલયશ સમગ્ર સૃષ્ટિ ઉપર ફેલાય.

જય હો પ્રભુની એ પરમ શક્તિનો
જય હો પૂ. મા શ્રી સર્વેશ્વરીનો







# પુણ્યતિથિના પગલે પગલે

—પ્રતિમા અજય જાની

* પ. પૂ. મા શ્રી જ્યોતિર્મયીની પાંચમી પુણ્યતિથિ તા. ૪-૧૦-૮૫ના રોજ હતી. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પૂ. શ્રીની આજ્ઞાનુસાર નિર્ણય કર્યો. "ભાવનગર જિલ્લામાં આવેલા પવિત્ર ને ખ્યાતનામ તીર્થ ગોપનાથજીમાં આ દિનની ઉજવણી સત્સંગની એક દિવસની શિબિરથી કરીએ." એ પ્રમાણે ભાવનગરના મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્રના ભાઇ બહેનોએ આ કાર્યક્રમના આયોજનનો ભાર ઉપાડી લીધો. પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના લીલા સંવરણ પછી પૂ માનો આ પહેલોજ જાહેર કાર્યક્રમ ભાવનગર જિલ્લામાં હતો.

* ધ્યાન કેન્દ્રના ક્રિયાશીલ સભ્યો ડો. ઘનશ્યામ દેસાઈ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી રંજનબેને બહારથી આવનાર મહેમાનોના ઉતારા તેમજ ભોજનની જવાબદારી સંભાળી લીધી, તો ગોપનાથ ખાતે ભોજનની વ્યવસ્થા શ્રી બાલુભાઇ પટેલ તેમજ શ્રી જયરામભાઇ પટેલે સંભાળી. ભાવનગર ખાતે રાત્રિરોકાણ માટે આવનાર સાધક ભાઇ બહેનોના ભોજનનો ખર્ચ શ્રી રમણીકભાઈ વોરાએ આપ્યો, તો ગોપનાથજી ખાતેના બધા જ સાધકોને જમાડવાનો ખર્ચ શ્રી નલિનીબેન મહેતાએ ઉપાડ્યો. આમ ભાવનગર ધ્યાન કેન્દ્રના ભાઈઓનું કામ હળવું બન્યું. આ બન્ને યજમાનોએ શુદ્ધ ઘીની મીઠાઇ સાધકો-ને ખવડાવી. કેવી ઉત્તમ ભાવના !

* પ્રવાસ માટે ખાસ એસ. ટી. બસોની વ્યવસ્થા કરવામાં આવી. ખાનગી બસોની હડતાલને લીધે, એક વધુ બસની

વ્યવસ્થા પણ શ્રી અરૂણાબેન ઠક્કર અને વિમળાબેન ઉપાધ્યાયે પરિશ્રમ ઉઠાવી કરાવી આપી.

* ગોપનાથજીમાની વ્યવસ્થામાં શ્રી પ્રભાશંકરભાઇ જોષી તેમજ ટ્રસ્ટી શ્રી અરવિંદભાઇ પંડ્યાએ જાતે ઉપસ્થિત રહી, સારી સહાય પહોંચાડી.

* ગોપનાથજીની શિબિરમાં બસો ઉપરાંત સાધક ભાઈ-બહેનોએ ભાગ લીધો.

* આ સર્વ કાર્યોમાં સહકાર આપનાર સાધક ભાઈ બહેનોને હૃદયપૂર્વકના અભિનંદન આપવાનું મન થાય એવી વ્યવસ્થા તેઓએ કરી.

## પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના પિતાજીનો સ્વર્ગવાસ

પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના પૂજ્ય પિતાશ્રી કાલીદાસભાઈ ભકતનો સ્વર્ગવાસ તા. ૨૩-૧૦-૮૫ ના રોજ અમેરિકા ખાતે ટૂંકી માંદગીથી અચાનક થયો. જોગાનુંજોગ એવું બન્યું કે પૂ. માનાં બહેન શ્રી સુશીલાબેન મોહનલાલ ભકતને ૧૯૮૫ના શ્રેષ્ઠ શિક્ષિકાનો રાષ્ટ્રીય એવોર્ડ મળ્યો, તેનો સન્માન સમારંભ કપુરા હાઈસ્કુલમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીના હસ્તે તેજ દિવસે હતો.

અધ્યાત્મના સહુ વાંચકો વતી સ્વ. કાલીદાસભાઈ ભકતને શ્રદ્ધાંજલિ તેમજ શ્રીમતી સુશીલાબેનને અભિનંદન.



# ગંગામૈયાની ચિન્મયતાની વિરલ અનુભૂતિ

—મા સર્વેશ્વરી

[મહાત્મા યોગેશ્વર ધ્યાન કેન્દ્ર તરફથી ચાર શનિ-રવિનો એક વેદ-ઉપનિષદ્‌યોગ શિબિર દક્ષિણામૂર્તિમાં યોજાયેલો. તેમાં પ્રમુખ વ્યાખ્યાતા હતા પ્રા. જનાર્દનભાઈ દવે. આ શિબિર-માં લગભગ ૧૦૦ જેટલાં ભાઇબહેનો જોડાયાં હતાં.

આ શિબિરના ત્રીજા શનિવાર ને તા. ૫-૧૦-૮૫ ના રોજ, પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ શિબિરાર્થીઓ સમક્ષ પોતાની સાધનાત્મક અનુભૂતિઓ વર્ણવતાં ગંગામૈયાનો પોતાને થયેલો વિરલ અનુભવ પણ વર્ણવેલો, જે અહીં પૂ. માના શબ્દોમાં રજુ કરેલ છે.

આપણાં ધાર્મિક ગ્રંથો ને શાસ્ત્રોમાં એવા ઉલ્લેખો મળે છે કે સમુદ્ર, નદીઓ ને પર્વતો સર્વ જડ સૃષ્ટિ પણ ચિન્મય છે, ચેતનયુક્ત છે અને તેની પ્રત્યક્ષ અનુભૂતિ ઉચ્ચ આત્મિક સ્થિતિએ પહોંચેલા કોઈ કોઈ સંત મહાત્માઓ કે વિરલ આત્માઓને થાય છે. એટલે જ તો આપણાં તીર્થોમાં ગંગા-મૈયા, યમુના મૈયા, નર્મદાજી કે ગોદાવરી મૈયાની આરતી ઉતારવામાં આવે છે. તેની પાછળનું રહસ્ય તો અધિકારી જીવોજ પામી શકતા હોય છે. પૂ. માની એ રજુઆત શિબિરા-ર્થી સાધક ભાઈબહેનોને ખૂબ પ્રેરણાદાયક રહી.

-તંત્રી]

મે માસની કાયાવરોહણની શિબિર પછી ગંગાજીના દર્શને જવાની ઈચ્છા થઈ. પૂ. શ્રીની દિવ્ય વિદાય પછી જ્યારે જ્યારે ગંગાજીના દર્શને જવાનું થયું ત્યારે ત્યારે એક સહજ નિયમ

પળાયો. જ્યાં સુધી ગંગાજીનું દર્શન ના થાય ત્યાં સુધી પાણી પણ ન લેવું અને એ નિયમથી સહજ રીતે શ્રી ગંગાજી ઉપર અંતરનો ભાવ વધવા લાગ્યો. ગંગાજીની આરતી એ દિવસોમાં લખાઈ જેના શબ્દો નીચે મુજબ હતા:-

જય જય શ્રી ગંગા માતા,
ભાગિરથી વંદુ તને...

મે માસમાં ગંગાજી જવાનું બન્યું ત્યારે ગંગાકિનારે ૨૦–૨૨ દિવસ રહેવાનું થયું અને હરિદ્વારના એ આર્યનિવાસનાં સામેના ભાગમાં રોજ સવારે ૫ થી બપોરે ૧૨ સુધી ગંગાકાંઠે બેસી શાન્તિથી સાધન ભજનમાં પ્રવૃત્ત રહેવાયું. દરરોજ ગંગા કાંઠેથી આર્યનિવાસ આવતાં પહેલાં સવાર–સાંજ ગંગાજીની આરતી, સાથે આવેલા ૧૦–૧૨ ભાઈબહેનો સાથે ગાવાનો નિયમ રાખ્યો હતો.

રામાયણમાં ગંગાજીના ચૈતન્યપ્રાણે પૂજન પછી શ્રી સીતામાતાને પણ આશીર્વાદ આપ્યા હતા એવો ઉલ્લેખ છે. વળી ઋષિ મુનિઓને પણ ગંગાકાંઠેજ સાધનાત્મક શાંતિ મળી હતી. પૂ. શ્રી યોગેશ્વરજીએ પણ વર્ષો સુધી ગંગામાને ચરણે બેસીને તપશ્ચર્યા સફળ કરી હતી. વળી એવું પણ સાંભળ્યું કે દરરોજ સાંજે ગંગામાની આરતી–દેવતાઓ પણ દિવ્ય સ્વરે ઉતારે છે. એવી અનુભૂતિ પ. પૂ. શ્રી યોગેશ્વરજીને થયાનો ઉલ્લેખ એમની આત્મકથામાં છે.

આ બધી વાતોના આધારે અમને પણ સહજ વિચાર આવતો કે ગંગામા સાચેજ પ્રત્યક્ષ દેવી સ્વરૂપે હોય, તો અમને પણ કંઈક અનુભૂતિ તો આપશે જ ને ! કોઈપણ જાતની અનુભૂતિ વિના ખાલી હાથે ગુજરાત ન જ ફરવું પડે, એવી પણ શ્રદ્ધા ગંગામા પ્રત્યે હતી, તેથી થતું હતું કે સવારસાંજ ગંગામાની આરતી ગાઈએ છીએ તે જરૂર સંભળાતી હશે.



દિવસો પસાર થઈ ગયા. ગંગામાની પ્રેમપૂર્વકની પ્રશસ્તિ શું નકામી જશે, એ શંકા છેલ્લા બે ત્રણ દિવસ બાકી હતા ત્યારે જાગી ઊઠી. પ્રાર્થના કદી નકામી જતી નથી એવી પ્રતીતિ ત્રણ અનુભૂતિ દ્વારા ગંગામાએ કરાવી, એ પૈકી એક અનુભૂતિ આ પ્રમાણે થઈ.

ભાવિક ભકતો ગંગાયાત્રા પછી ગંગાપૂજનનો ધાર્મિકવિધિથી ઉત્સવ ઘરે આવીને ઉજવે છે. અમારી સાથે આવેલા ભાઈબહેનોએ અમારી સૂચના મુજબ ગંગાકિનારે ગંગામાનું પૂજન બે વાર સમૂહમાં કર્યું. અમને પણ થયું કે અમે પોતે પણ વ્યક્તિગત રીતે ગંગામાનું પ્રત્યક્ષ પૂજન કરીએ તો કેવું સારૂં ! એથી નીલધારા નામના ગંગાજીના મૂળ પ્રવાહ સામે અમે ૧૦–૧૨ ભાઇબહેનો સાથે તા. ૧૫–૬–૮૫ ની સાંજે પહોંચી ગયા, ને ત્યાં પૂજન માટેની તૈયારી કરી.

ગંગામા પ્રત્યેક્ષ છે એવી ભાવના સાથે સ્નાન કર્યા બાદ પૂજામાં બેઠાં. વડોદરાના શ્રી વિજયભાઇ પુરોહિતે પૂજાનો પ્રારંભ કરાવ્યો. ગંગાના પ્રવાહથી અમારૂં પૂજાનું આસન ત્રણ ચાર ફુટના અંતરે રાખેલું. સંકલ્પ સાથે જેવી પૂજાની વિધિ શરૂ થઈ કે ગંગાજીનો પવિત્ર પ્રવાહ અમારા આસન તરફ ધીમે ધીમે આવવા માંડયો.

આ જોઇ અમારી સાથે આવેલા ભાઈ બહેનો થોડા આશ્ચર્ય સાથે વિચારમાં પડી ગયા ! અમને પણ લાગ્યું કે કદાચ પૂજા કરતાં કરતાં અમારે સ્થાન ખસેડી ઉપર લઈ જવું પડશે કે શું ! અમારી સાથે આવેલ દક્ષેશ નામના વિદ્યાર્થીએ અમારાં આસન ગંગામૈયાના પ્રવાહથી ન ભીંજાય, તે માટે પ્રવાહને અટકાવવા પત્થરો ગોઠવવા માંડ્યા.

આમ છતાં ગંગા પ્રવાહ પત્થરોની આડને ઓળંગી અમારા આસનને અડીને વહેવા લાગ્યો. પછી અમે ફળ

અર્પણ કર્યું તેપણ પાસેજ આવી ગયેલા પ્રવાહમાં વહેતું થવા લાગ્યું. જેથી શ્રી વિનોદભાઈએ તે ફળને લઇને પાછું બહાર કાઢવાની ચેષ્ટા કરી, પરંતુ અમે તેને ફરી લઈને પ્રવાહિત કર્યું. પછી ગંગામાની બધી વિધિ પૂરી થઈ. તે વખતે ગંગામાનો પ્રવાહ છેક અમારા ચરણો સુધી વહીને ચાલવા માંડ્યો. છેવટે આરતીની તૈયારી થઈ. આરતી લઈને ઊભા થતાંજ વિચાર આવ્યો કે ગંગામાના પ્રવાહની અંદર ઊભા રહીને આરતી ઉતારીએ તોજ આરતી ઉતારી એમ ગણાય. તેથી અમે આરતી લઈને પ્રવાહમાં ચાલ્યાં ત્યારે અમારા આશ્ચર્યની વચ્ચે અમારી પાછળ ઊભેલા શ્રી અતુલ અને કુન્દનબેનનું ધ્યાન ગયું કે ગંગાજીનો એ પ્રવાહ અમારા પગલાંની પાછળ પાછળ નીચે ઉતરી વહેવા લાગ્યો અને અમે જ્યાં ઊભાં રહ્યાં ત્યાંજ તે પ્રવાહ સ્થિર થઈને વહેવા લાગ્યો. તરતજ અતુલે સહુ કોઈને અમારી પાછળ વહેતા એ પ્રવાહનું દર્શન કરાવ્યું. આરતી થઇ ગઇ ત્યાં સુધી અમે ઊભાં હતાં ત્યાં એ પ્રવાહ સ્થિર થઇ વહેવા લાગ્યો. અમારી આગળ પણ ન વધ્યો કે પાછળ પણ ન રહ્યો. નદીના પ્રવાહનું આ રીતે ભરતીની જેમ ઊંચે નીચે આવવું ન કલ્પી શકાય એવી વાત હતી, કારણ કે તે સમયે નદીના પ્રવાહમાં કોઈ બાઢ કે પૂર ન હતું. વળી પ્રવાહ તો રોજ એકધારો એના નિયત માર્ગમાંજ વહેતો એમ અમે જોતાં. એટલે પૂજાના સમયેજ ગંગામાનો પ્રવાહ છેક અમારા પૂજાના સ્થાન સુધી આવ્યો, એ અમો સહુ માટે આશ્ચર્યકારક ને આનંદદાયક ઘટના બની.

વળી આરતી પછી પાછળ જોયું તો પૂજાની સામગ્રી દસ ડગલાં દૂર રહી ગઇ હતી અને ગંગામાનો પ્રવાહ તો અમારા પગ આગળજ એ વહેવા લાગ્યો હતો તે ત્યાં જ સ્થિર થઈને વહેતો રહ્યો.



ગંગાજીની નિયમિત આરતી ગવાઈ તેનો જાણે એ પ્રત્યુત્તર હતો. અથવા ગંગાજીનો પ્રવાહ પણ ચિન્મય છે એની અદ્ભુત પ્રત્યક્ષ અનુભૂતિ ગંગામાએ અમને કરાવી ! હે મા ભગવતી તમારા ચરણે લક્ષકોટિ પ્રણામ.

પૂ. માશ્રી સર્વેશ્વરીના ગંગામૈયાની ચિન્મયતાના અનુભવના અનુસંધાનમાં પ્રા. શ્રી જનાર્દનભાઇ દવેએ સમાપન કરતાં જણાવ્યું કે " અમે વિદ્યાર્થી તરીકે પંડિત જગન્નાથની ગંગાલહરી ભણેલા અને આજે કોલેજમાં પણ તે ભણાવીએ છીએ. તેમાં પંડિત જગન્નાથના એક એક શ્લોકે ગંગામૈયાનો પ્રવાહ એક એક પગથિયું પાણી ચડે છે ને બાવનમા પગથિયા ઉપર પ્રાયશ્ચિત માટે બેસાડેલા પંડિત જગન્નાથજીના પદોનું પ્રક્ષાલન ગંગામૈયાનો પ્રવાહ કરીને તેમને પવિત્ર જાહેર કરે છે. આ કાવ્ય અદ્ભુત છે, તેમાં ગંગામૈયાની પ્રશસ્તિ અતિસુંદર શબ્દોમાં કરેલી છે.

આ કથા અમે ભણેલા અને ભણાવીએ છીએ, પરંતુ પૂ. માશ્રી શ્રી સર્વેશ્વરીની આ પ્રત્યક્ષ અનુભૂતિની વાતે અમારી શ્રદ્ધાને દઢ કરી એટલું જ નહિ, પરંતુ આજના યુગમાં પણ ભાવભક્તિવાળા સાધકોને ગંગામૈયા અનુભૂતિ આપે છે, તેની પ્રતીતિ કરાવી.

પ. પૂ. મા ૫૭૦ કરતાં વધુ ઉપવાસો હોવા છતાં આપણા ઉપર અનુગ્રહ કરી, આપણી શિબિરમાં પધાર્યાં, તેમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની કૃપાએ કામ કર્યું છે, એમ હું માનું છું. શાસ્ત્રો જાણવાં એક વાત છે, પરંતુ એનાં સત્યોને જીવનમાં સાધના કે તપ કરી અનુભવવાં એ બીજી વાત છે, પૂ. શ્રી મા આવી અનુભૂતિ પામ્યાં છે તે ઘણી મોટી વાત છે.

*——*

# ઓળખો આપણા મનને

મંગલભાઈ પંચાલ

## વિચારો અને તેનું સ્વરૂપ

જીવનમાં ઘડીકમાં આપણે આનંદથી ખુશખુશાલ થયેલા જણાઈએ છીએ અને બીજી જ પળે કોઈ અત્યંત શોકના સમાચાર જેવા કે કોઈ અંગત સંબંધીનું મૃત્યુ, સોદો નિષ્ફળ જતાં વેપારમાં થયેલી લાખોની ખોટ, કશા જ કારણ સિવાય કોર્ટ કચેરીનાં લફરાં ઉભાં થવાના, ઘરમાં ગેસનો બાટલો લીક થતાં અચાનક લાગેલી આગ-આ વગેરેથી આપણા આનંદમાં પૂળો મુકાઈ જાય છે. આપણે અત્યંત વિહ્વળ થઈ જઈએ છીએ. પરંતુ આ ક્ષણે જો કોઈ નાના બાળક તરફ નજર કરીશું તો તરત જ જણાશે કે તે બાળક તેના નાના નાના કુમળા હાથપગ હલાવતું અને કોઈક રમકડા સાથે રમતું, ખિલખિલાટ હસતું જણાશે.

આનું કારણ શોધવા બહુ દૂર નહિ જવું પડે. પહેલા પ્રસંગમાં સુખદ અને દુઃખમય વિચારો કારણભૂત થયા હતા. જ્યારે બીજા પ્રસંગમાં બાળકને વિચારોની કોઈ અસર જ નથી. તેથી એ નક્કી થાય છે કે વિચાર કોઈ અગમ્ય શક્તિ છે અને તેના ઉપર જ માનવીના સુખદુઃખનો આધાર રહેલો છે.

આપણે જાણીએ છીએ કે પ્રકાશ એક સેકંડમાં ૧,૮૬,૦૦૦ માઈલની ગતિએ દોડે છે પરંતુ વિચારની ગતિ એટલી તો પ્રચંડ છે કે કોઈપણ સ્થળે જવામાં એક ક્ષણ જેટલો પણ સમય લાગતો નથી. આકાશમાં ઈથરતત્ત્વ આવેલું છે જે વિજળીનું વાહક છે અને સૂક્ષ્મ છે. આ વિચારતત્ત્વ તો



તેથી પણ વિશેષ સૂક્ષ્મ છે. જે ભાઈબેનોને ટેલેક્ષ યંત્ર વિષે માહિતી છે તેઓ જાણે છે કે આ યંત્રની મદદથી હજારો માઈલ દૂર આવેલાં શહેરો સાથે સંપર્ક સાધીને સંદેશાની આપ-લે માત્ર ગણતરીની મિનિટોમાં જ થઈ શકે છે. પરંતુ વિચારની પ્રચંડ શકિત સાથે તેની તુલના થઈ જ ન શકે. વિચારની શક્તિ અગાધ છે.

આપણે જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે આપણા મનમાં કંઈક થાય છે. આ "કંઈક" કોઈ ક્રિયા ઉત્પન્ન કરે છે. પ્રત્યેક ક્રિયામાં કોઈક પરિણામ પ્રકટાવવાની શક્તિ છે.

નિત્ય નૈમિત્તિક કાર્યો કરવા માટેના આપણા વિચારો મનમાં સુદૃઢપણે સ્થપાઈ ગયેલા હોવાથી તેનો વિચાર કરવો પડતો નથી. જેમકે સવારે ઉઠવાનું, શૌચ વિગેરેથી પરવારી સ્નાન-સંધ્યા વગેરે કરવાનાં કાર્યો રોજેરોજ આપણે કરીએ જ છીએ. પરંતુ કોઈક વ્યાવહારિક કે સામાજીક કે ઓફિસ અથવા ધંધાને લગતા પ્રશ્નો આવી પડતાં આપણી વિચારની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. આપણને પ્રાપ્ત અનુભવો તેમજ તર્કશક્તિને આધારે આપણે નિર્ણયો લઈએ છીએ અને આપણને મળેલી શક્તિ અનુસાર તેવા નિર્ણયોનો અમલ કરીએ છીએ.

વિચારની ક્રિયાથી માત્ર વિચારો, ભાવો કે માનસ સ્થિતિઓ જ ઉત્પન્ન થાય છે. એટલું જ નહિ પરંતુ તેનાથી પણ કંઈક વિશેષ થાય છે. વિચારોમાં રહેલી શકિત માત્ર મગજમાં જ ક્રિયા કરીને અટકતી નથી પરંતુ આપણા શરીરમાં રહેલા જ્ઞાનતંતુઓના પ્રત્યેક ભાગમાં ક્રિયા ઉત્પન્ન કરે છે અને તે કારણે તેમની આખા શરીરના પ્રત્યેક અણુઓ ઉપર રસાયણિક અસરો ઉભી થાય છે.

વિચાર એ સૌથી ચઢિયાતું બળ છે અને તેની ગતિ પ્રચંડ છે. વિચારોની ગતિ જો ઉર્ધ્વગામી હોય તો આપણે સામાન્ય મનુષ્યમાંથી બદલાઇને ઉચ્ચતાના શિખરે પહોંચીએ છીએ અને જો આ ગતિ અધોગામી હોય તો આપણે અવનતિની ગર્તામાં ડૂબી જઇએ છીએ. ઇતિહાસનાં પાનાં ઉથલાવતાં આપણને આવા હજારો દાખલા જડી આવશે. અનુકૂળ વિચારો આપણા આરોગ્યમાં, શાંતિમાં, સુખમાં, બુદ્ધિમાં અને આપણી મહત્તામાં નિરંતર વધારો કરનાર સમર્થ ઉપાય છે.

## વિચારોનું ઉત્પત્તિસ્થાન

વિચાર એ જ આખા જગતમાં સર્વોચ્ચ બળ છે. સર્વ સ્થળે એક માત્ર વિચારનું જ સામ્રાજ્ય ચાલે છે તે આપણે જોયું. તો પ્રશ્ન એ થાય છે કે આ વિચાર આખરે છે શું? વિચાર એ આંદોલન, કંપન અથવા સ્પંદન સિવાય બીજું કશું જ નથી. જુદા જુદા પ્રકારના વિચારોમાં આ આંદોલનોની અથવા કંપનની ગતિનું પ્રમાણ જુદું જુદું હોય છે. હવે પાછો પ્રશ્ન આવીને ઉભો રહ્યો કે આ વિચારો, આ આંદોલનો ક્યાંથી ઉત્પન્ન થાય છે અને કેવી રીતે ઉત્પન્ન થાય છે?

વિચાર એ કંઇ એની મેળે જ ઉત્પન્ન થતો નથી. વિચાર એ પોતાની પાછળ રહેલા કોઈ કારણનું જ પરિણામ હોઇ શકે છે. આપણા વ્યવહાર જગતમાં આપણને જે જે પ્રકારના અનુભવો થાય છે તેના જ સંસ્કારો બને છે. આ સંસ્કારો વિચારોને ઉત્પન્ન કરે છે અને વિચાર ક્રિયામાં પરિણામ પામવાથી વળી પાછા અન્ય પ્રકારના અનુભવો થવા લાગે છે. તો હવે આ કારણ ક્યાંથી ઉત્પન્ન થાય છે એ પ્રશ્ન તો પાછો ઉભો જ રહ્યો!



આપણે સૌ જાણીએ છીએ કે વિચારોનો ઉદ્ભવ મનમાંથી થાય છે અને આપણા વ્યવહારમય જીવનમાં સુખ અથવા દુઃખને ઉપજાવનાર જે વિચારો છે તેનું ઉદ્ભવસ્થાન આંતરમન છે.

તો વળી પાછો એક પ્રશ્ન આપણી સામે આવીને ઉભો થાય છે કે આંતરમનમાં જે જે વિચારો ઉદ્ભવે છે તેનો કોઇ નિયમ ખરો? જો કોઇ ઉપાયથી આ વિચારોના ઉદ્ભવવાનો નિયમ હાથ લાગે તો આપણું કામ બની જાય. ભગવાન પતંજલિએ યોગની વ્યાખ્યા જ "યોગઃ ચિત્તવૃત્તિ નિરોધઃ" એમ કહીને કરી છે. વિચારોની, વૃત્તિઓની પ્રક્રિયાને સંપૂર્ણ શાંત કરી દેવી, જ્યારે ઇચ્છીએ ત્યારે, એમાં જ સર્વ રહસ્ય સમાયેલું છે. આ વિચારોનું, આ વૃત્તિઓનું ઉદ્ભવસ્થાન હાથ લાગે અને તેના ઉત્પન્ન થવા વિષેનો કોઇ નિયમ આપણા જાણવામાં આવે તો આ સર્વ પ્રકારના વિચારોને આવવા દેવા કે અટકાવી દેવાનું આપણું કામ સહેલું બની જાય. ચાવી લગાડો કે તાળું ખુલ્યું જ છે! જ્યારે ઇચ્છીએ ત્યારે સમાધિ અને જ્યારે ઇચ્છીએ ત્યારે સેવાકાર્યો—જીવનમાં કેવી બહાર આવી જાય!

મન એ શું છે તે વિષે આપણે અગાઉ બહુ વિગતેથી ચર્ચા કરી ગયા છીએ. અનેક પ્રકારના અર્થાત્મક ભાવોને દર્શાવનાર એક અગમ્ય બળ તે મન છે. આ તમામ પ્રકારના ભાવો આપણા અંતરમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યા જ કરતા હોય છે. આ ભાવો, વિચારો, વૃત્તિઓ, ઉપર જોયું તેમ, જુદી જુદી ગતિવાળાં સ્પંદન કે આંદોલનો જ છે એ હવે આપણને સમજાઇ ગયું હશે. હવે આ આંદોલન કે સ્પંદન પાછળ કોઇ બળ તો હોવું જ જોઈએ. મંદિરમાં

ઘંટ ટીંગાડેલો છે. કોઇક વગાડે તો જ વાગે, તેમ કોઇક ક્રિયા, વિચાર કે વૃત્તિ ઉત્પન્ન થવા પાછળ કોઇક બળ રહેલું જ છે. આ બળ અથવા મૂળ સામર્થ્ય ચૈતન્યમાંથી આવે છે.

આ મૂળ સામર્થ્યનું ઉત્પત્તિસ્થાન મહદ્ અહંકાર છે. 'અધ્યાત્મ'ના ફેબ્રુઆરી '૮૫ના અંકના ૫૧ મા પાના ઉપર સાંખ્યદર્શને દર્શાવેલાં પચીસ તત્ત્વો વિષે જે સમજુતી આપવામાં આવી છે તેમાં ઉપરથી ચોથું તથા પાંચમું તત્ત્વ તે મહદ્ અહંકાર છે. સમગ્ર સૃષ્ટિમાં આવેલ સમગ્ર પદાર્થો, સૂર્યો, ચંદ્રો, તારાઓ, ગ્રહો, પર્વતો, નદીઓ, પશુપંખીઓ વગેરે તમામ તેમજ આંતર જગતમાં આવેલી વિશાળ સૂક્ષ્મ સૃષ્ટિના પણ તમામ પદાર્થો ગતિમાન છે તે જ રીતે આ મૂળ સામર્થ્ય પણ ગતિમાન જ છે અને આંદોલન કે કંપન સ્વરૂપે સમગ્ર સૃષ્ટિમાં વિચરે છે અથવા વધારે સ્પષ્ટ ભાષા જો વાપરીએ તો તે સર્વ સ્થળે વ્યાપીને રહેલું છે. જેમકે એક વિદ્યુત મથકમાંથી વિદ્યુત ઉત્પન્ન કરીને તેનો પુરવઠો એક શહેરને પુરો પાડવામાં આવે છે. આ વખતે શહેરમાં રહેતા કોઇક ગૃહસ્થના ઘરમાં વિજળીનું જોડાણ છે અને તેને લઇને તે ગૃહસ્થના ઘરમાં રેડીયો, ટેલીવીઝન, બત્તીઓ, ફ્રીજ, તોરણો વગેરે સર્વ કંઇ વિજળીની મદદથી ચાલે છે. હવે આ ગૃહસ્થના ઘરમાં આ સર્વે ઉપકરણો ચાલુ ન હોય ત્યારે પણ વિદ્યુતનો પ્રવાહ તો એકધારો વહ્યા જ કરે છે. જો એના વોલ્ટેજમાં વધારો ઘટાડો થાય તો એના પ્રવાહની ગતિમાં પણ ફેરફાર થઇ જાય છે. આમ આ મૂળ સામર્થ્ય સર્વ સ્થળે વ્યાપીને રહેલું છે. માત્ર આ સામર્થ્ય સુધી કેમ પહોંચવું તેનું જ્ઞાન આપણને નથી. તેના નિયમની આપણને ખબર નથી. આ નિયમ જાણવો જ રહ્યો.



આ નિયમ એ છે કે આંદોલનોના નિયમની સત્તા મન ઉપર ચાલે છે અને જુદા જુદા ભાવવાળાં આંદોલનો મન દ્વારા બહાર આવે છે. આ આંદોલનનો નિયમ વિચારમાત્રનું આધારસ્થાન છે. આ દશ્ય જગતમાં જે જે પદાર્થો આપણને દેખાય છે તે સર્વે તેમાં રહેલાં આંદોલનોને લીધે જ દેખાય છે પ્રકૃતિ મૈયા તેનો આ ખેલ આપણને હરઘડીએ, હરપળે બતાવ્યા જ કરે છે પરંતુ આપણે તે જોતા જ નથી. જોઇએ છીએ તો તેના ઉપર વિચાર કરતા નથી. વિચારો દ્વારા સમાધાન ન થાય તો તે વિષે વિશેષ જિજ્ઞાસા પૂર્વક કોઈ સંત મહાત્મા કે પોતાના ઇષ્ટદેવ સમક્ષ સમાધાન માટે પ્રાર્થના કરતા નથી. પ્રકૃતિમૈયા કંઇ આપણે માટે નવરી નથી કે જબર-દસ્તીથી આનું સમાધાન આપણા મગજમાં એમ ને એમ સ્ફૂરાવી દે. આજે જે પદાર્થો દેખાય છે તે આવતી કાલે ગાયબ થઇ જાય છે. ગઇ કાલે નહિ જોયેલું કે જાણેલું આજે જોવા–સાંભળવા મળે છે. જીવસૃષ્ટિ, વનસ્પતિસૃષ્ટિ એમ સર્વ ઠેકાણે આ નિત્ય નવા ખેલ ચાલ્યા જ કરે છે. આપણી જ્ઞાનદષ્ટિ–વિવેકદષ્ટિ સહેજ જ ખુલે તો આ સર્વ ખેલ એ જેવા સ્વરૂપમાં, જે નિયમથી ભજવાય છે તેનું રહસ્ય આપણે સહેજે પામી શકીએ.

# જગન્નાથજીની યાત્રાની સાથે સાથે

ગોરધનભાઇ કલોલા

આજે પૂ. માનો મૌન વાર. દર એકાદશી તથા રવિવારના રોજ પૂ. મા મૌન રાખે છે. આજે કલકત્તા દર્શનનો કાર્યક્રમ રાખ્યો છે. આઠ વાગ્યે બસ ઉપડવાની છે. પૂ. માના દર્શન ૭-૪૫ વાગ્યે થાય છે. પૂ. મા લક્ષ્મીનારાયણના મંદિરમાં દર્શન કરે છે. બરાબર આઠ વાગ્યે નગરયાત્રા શરૂ થઇ જાય છે. પ્રથમ એક પ્રાચીન સુંદર જૈન મંદિરનું દશન કરીએ છીએ. મંદિર ખરેખર એકાંત, શાંત, અને સુંદર છે. પરંતુ એ મંદિરના પવિત્ર વાતાવરણનો લાભ લેનાર ભાગ્યે જ કોઇ સદ્‌ભાગી જીવ ત્યાં હોય છે.

ત્યાર પછી કાશીપુર ઉદ્યાનવાટીનું દર્શન કરવા ગયા. આ પહેલાં પણ પૂજ્ય ગુરુદેવ અને મા સાથે આ પવિત્ર સ્થાનનાં દર્શનનો લાભ મને મળ્યો હતો, તેની સ્મૃતિ સહજ થઈ આવી. આજે પણ પૂજ્ય માની દિવ્ય હાજરીમાં એ પવિત્ર દર્શનનો લાભ મળ્યો. પ્રભુ રામકૃષ્ણદેવે અહીં શરીરનો ત્યાગ કર્યો હતો. પૂ. મા સાથે સૌ યાત્રિકોએ થોડીવાર ત્યાં બેસી ધ્યાન કર્યું. પૂ. માએ "જય જય રામકૃષ્ણ ભગવાન"ની ધૂન બોલાવી. જે ઓરડામાં રામકૃષ્ણદેવે શરીર છોડયું તે ઓરડાની ચોકખાઇ અને પવિત્રતા ઉત્તમ રીતે જાળવવામાં આવે છે. નીચે પૂ. મા શારદામાનો રૂમ છે. નીચેના ઓરડાઓમાં રામકૃષ્ણદેવના પ્રખર શિષ્યોની છબીઓના દર્શન થાય છે.

ત્યાર પછી અમે સૌએ દક્ષિણેશ્વર તીર્થના દર્શન કર્યાં. આ પહેલાં પણ પૂ. મા–પ્રભુ સાથે દર્શનનો લાભ મળ્યો



હતો. અત્યારે પહેલાં જેવી શાંતિ અને પવિત્રતાનો અનુભવ થતો નથી. માણસોની ભીડથી આ સ્થાન ઉભરાતું રહે છે. રામકૃષ્ણદેવની તપોભૂમિ પંચવટીની યોગ્ય જાળવણી પણ થતી દેખાતી નથી. અમે સૌ કાલીમંદિરમાં દર્શન કરવા ગયા પરંતુ અસહ્ય ભીડ હતી. તેથી શાંતિથી દર્શન થઇ શકયાં નહીં.

પૂ. મા એ પણ આવી ભીડમાં જ દર્શન કર્યા ત્યારબાદ રામકૃષ્ણદેવના ઓરડામાં પૂ. મા સાથે સૌ સાધકો બેઠા, પરંતુ દર્શનાર્થીઓની ભીડ એટલી બધી હતી કે ત્યાં લાંબો સમય શાંતિથી બેસી શકાય તેમ ન હતું. આમ છતાં પૂ.મા એક ખુણામાં શાંતિપૂર્વક બેઠા. ત્યારબાદ પંચવટી તેમજ ગંગા ઘાટના દર્શન કર્યાં. પંચવટી પાસે જ એક નાના રૂમમાં નાનકડું શિવ મંદિર છે, જ્યાં રામકૃષ્ણદેવે શ્રી તોતાપુરી મહારાજને સમાધિ અવસ્થાની પ્રાપ્તિ માટે નિમિત્ત બનાવેલા. મા શારદા રહેતા તે નોબતખાનાના પણ રસ્તામાં દર્શન કર્યાં. પૂ. માએ અહીં પંચવટીની પવિત્ર રજને મસ્તકે ચડાવી.

મર્યાદિત સમયમાં દર્શન કરવાના હોવાથી થોડી દોડાદોડ રહેતી હતી. ત્યારબાદ બેલુરમઠની મુલાકાત લીધી. આ સ્થાન પણ મા પ્રભુ સાથે પહેલાં જોયેલું આજે તો સારાયે જગતમાં શ્રી રામકૃષ્ણમીશનની મુખ્ય પ્રવૃત્તિ કેન્દ્ર તરીકે બેલુરમઠ જાણીતું છે. ગંગા કિનારે આવેલ આ સ્થાનની ચોકખાઇ અને પવિત્રતા ઉડીને આંખે વળગે તેવાં છે. શ્રી રામકૃષ્ણદેવનું મંદિર ઘણું વિશાળ અને સુંદર છે. શ્રી શ્રી વિવેકાનંદ અને શ્રી મા શારદાની સમાધિ સ્થાન પણ અહીં જ છે. ભારતીય સંસ્કૃતિની જાળવણી આજે આ સંસ્થા

ઉત્તમ રીતે કરી રહી છે. આ પવિત્ર સ્થાનમાં ફરતાં ફરતાં પૂ. મા સહજરીતે એક વૃક્ષ નીચે લીલા ઘાસ ઉપર બેસી ગયાં. એ વૃક્ષ કદંબનું હતું.

બેલુરમઠની મુલાકાત પછી એક કલાકનો આરામ રાખ્યો હતો. પૂ. મા આજે ખૂબ ચાલ્યા હતાં તેમ છતાં બસમાંથી ઉતરીને ખૂલ્લા પગે પૂ. મા બજારમાં ચાલીને ગયાં. છોકરાઓને કંચ ખવડાવ્યા વગર માને જાણે કાંઇ ચેન જ ન પડે. પૂ. માએ કાજુ દ્રાક્ષ અને ખારેકનો પ્રસાદ ચાલુ બસે જાતે પગે ચાલીને દરેકને પોતપોતાની સીટ પર આપ્યો. માનું મૌન સૌને જરા ખુચતું હતું. પરંતુ મૌન દરમ્યાન મા ખૂબ અંતરમુખ રહ્યાં હોય એવું લાગ્યું. માનું મૌન એવો સંદેશો આપે છે કે પ્રવૃત્તિઓ વચ્ચે પણ મૌનથી અંતરમુખતા જાળવવી જોઇએ. આજે પણ મા આંતરચેતનામાં જ ખોવાયેલાં લાગ્યાં. બાહ્યસ્થાનો કે દશ્યો તરફ પૂ. માનું ધ્યાન નહિવત્ જ હતું પદાર્થોની ભવ્યતા કે સુંદરતાથી પૂ. મા કયારેય અંજાતાં નથી.પૂ. માના જીવન વૈભવ આગળ જગત કે બ્રહ્માંડનું કોઈ ઐશ્વર્ય ટકી શકે તેમ નથી. માના પુરૂષાર્થની ભવ્યતાને સ્થૂળ સુખોપભોગો કે વૈભવો માટેનો પુરૂષાર્થ કયાંથી પહોંચી શકે ?

બધુંજ નાશવંત અને દુઃખદાયી જ્યારે માનો વૈભવ શાશ્વત અને શાંતિ પ્રદાયક ! એની સંપ્રાપ્તિ એજ જીવનનું ધ્યેય બનવું જોઈએ.



## ગુરુ તો લૂંટારો રે !

ગુરુ તો લૂંટારો રે
સંપદ ભજનની લૂંટે !
એ તો લૂંટે ને લૂંટાવે રે
એની ઝોળીમાં નહિ ખૂટે !

ગુરુ તો રંગારો રે
રંગ રંગીલો રંગ !
એ તો રંગે ને રંગાવે રે
રમવાની મજા સંગે !

ગુરુ તો કીમિયાગર રે
મંત્ર વિદ્યા બહુ જાણે !
મંત્રો ભણે ને ભણાવે રે
આંગણે પ્રભુને આણે !

ગુરુ તો હૈયામાં રે
મૂરત જોઇ જોઇ નાચું !
ગુરુ ને પ્રતાપે રે
ધન મળી ગયું મને સાચું !

ઈશ્વરભાઈ ભક્ત

## હીરલો ખોવાણો

માટીના મહેલે મારો હીરલો ખોવાણો!
મોંઘા તે મૂલનો મારો હીરલો ખોવાણો.
દીવડો હોલાણો મારો દીવડો હોલાણો,
માટીના મહેલે મારો હીરલો ખોવાણો.

સૂરજ ચાંદાના તેજે રાત-દિન ઢૂંઢ્યો,
હાથે ચઢ્યો નહીં નકરોય મ્હાણો
મારો હીરલો ખોવાણો.

પાંચ પાંચ પટારે મેં પૂર્યો તો પોખરાજ,
ખોવાતાં મહેલ ઝંખવાણો
મારો હીરલો ખોવાણો.

દશદશ ચોકીએ ચૂક ક્યાંક આવી!
શક્યું નહીં કોઈએ બચાવી
મારો હીરલો ખોવાણો.

માટીનો મહેલ મારો ઝળાંહળાં હીરલે,
દીવડો હોલાણો ને મહેલ થયો રાણો
મારો હીરલો ખોવાણો.

મંદિરે શોધ્યો ને મસ્જિદે શોધ્યો,
ઓળખું છતાંય એ અજાણ્યો
મારો હીરલો ખોવાણો.



સન્ત-ઝવેરીની આંખડીએ શોધ્યો,
માટીને મહેલે એ પૂરાણો
મારો હીરલો ખોવાણો.

દીવડો હોલાણો માણેક-દીવડો હોલાણો,
માટીના મહેલે મારો હીરલો ખોવાણો.

ડૉ. રણજીત પટેલ
(अनामी)

શ્રી યોગેશ્વર કૃપા.
**સંદિપ વેલ્ડીંગ વર્કસ**
ગ્રીલ દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.

## સંવત્સરી પ્રસંગે

ક્ષમાપના વિનિમયે
પ્રભુ
દિવ્યતા અર્પો
વિવેક, શીલ, સમતા, સર્જો
સદાએ
કલ્યાણભાવ દેહાતીત હજો
વિશ્વે
ઊર્મિઓ ધબે
ને
સ્નેહ વધે.
મામકા સર્વે
રિદ્ધિ સિદ્ધિ લભે
એ જ
ધૂન હૈયે ધપો

સતીશ ભક્ત



## "સત્સંગ"

સંકલન : ઈશ્વરભાઈ શાહ

અમે તમને ઉપદેશ આપવા આ સત્સંગ નથી કરતા. અમે વિદ્વાન-પંડિત નથી. માત્ર અમે તમારી આગળ અનુભવ રજુ કરીએ છીએ. અમે સત્સંગ અમારા માટે કરીએ છીએ. કારણ કે અમારા વહાલાની વાતમાં અમને મજા આવે છે. આ કારણે સિદ્ધપુરૂષોએ પણ સત્સંગ કરવો જરૂરી છે.

સત્સંગ આમાં બે શબ્દ છે. સત્+સંગ. સત્‌ને પ્રથમ જાણી લઈએ. "સત્" શબ્દનો અર્થ છે જેની સત્તા બધા ઉપર હોય અને તેની સત્તાથી બધા સત્તાવાન બને છે. આ ચેતન-તત્ત્વ છે. તમારામાં મોટાભાગના લોકોમાં તથા સાધકોમાં કાયમ મુંઝવણ હોય છે કે સત્ શું ? ઈશ્વર શું ? વિગેરે. મૂળ છે ચેતન-તત્ત્વ.

આ ચેતન-તત્ત્વને વેદાંત વ્યષ્ટિમાં હોય તેને જીવ અને સમષ્ટિમાં હોય તેને બ્રહ્મ, જૈનો-બુદ્ધ વ્યષ્ટિમાં હોય તેને આત્મા અને સમષ્ટિમાં હોય તેને પરમાત્મા, વૈષ્ણવો રાધા-કૃષ્ણ, રામાનંદી સીતારામ, શિવપંથી ઉમા-શિવ, ઇશ્વરવાદી ઇશ્વર-ભગવાન-પ્રભુ નામ આપે છે. વ્યષ્ટિ એટલે વ્યકિતમાં અને સમષ્ટિ એટલે વ્યક્તિના સમુહમાં એટલે જગતમાં.

નામની માથાકુટમાં ન પડશો. નહિતર મુંઝાય જશો. માત્ર ચેતન-તત્ત્વ સમજો. આ બ્રહ્માંડમાં એક ચેતનતત્ત્વ છે. તેને સત્સંગીએ સત્ કહ્યું છે.

હવે બીજો શબ્દ છે "સંગ" સંગ એટલે એકથી વધુ હોય અને તેમનો સંગ હોય એટલે સંગ શબ્દ સૂચવે છે

કે એકની વાત પછી બે છે.

સત્સંગમાં તો એક છે સત્, બીજો છે સંગ. આ સંગ જો બે સૂચવતો હોય તો અહીં તો સત્ એક છે. બીજું કોણ છે? આ વાત છુપી રાખી છે. બીજું છે "અસત્."

તમારી સામે છે સત્ અને અસત્. હવે સંગ કરવો છે. કોનો કરવો છે? સત્નો. સત્ અને અસત્ બંને ભેગા છે, તેમાંથી અસત્નો સંગ છૂટે તો સત્નો સંગ જ છે. તે સ્વતઃ પ્રાપ્ત થાય.

સત્સંગને શબ્દને બદલે જો તમને કહેવામાં આવ્યું હોત કે અસત્નો સંગ છોડી સત્ પ્રાપ્ત કરો તો તમે તરત સમજી જાત પણ શબ્દ સત્સંગ મુકયો. તમે રોજ સત્સંગ તો કરો છો, પણ સત્સંગ શબ્દ શું સૂચવે છે તે પ્રત્યે કદી વિચાર નહોતો કર્યો.

હવે સત્સંગ શબ્દમાંથી બોધ લેવાનો છે કે (૧) સત-અસત્ ભેગા છે. (૨) અસત્નો સંગ છૂટે તો સત પ્રાપ્ત થાય.

**સત્** શું?-તમે. તમને તમો નથી તેવો ભાસ કદી નહિ થાય. એટલે તમારી સત્તા સદા છે. આ સત્ ને આત્મા–જીવ, ચેતન–તત્ત્વ કહો, કોઈ વાંધો નથી.

કૃષ્ણે ગીતામાં તે માટે કહી દીધું કે હે અર્જુન, તારો નાશ નથી, તારો નાશ શસ્ત્ર–વાયુ–અગ્નિ–જળ–કોઈ ન કરી શકે કારણ કે તે બધાને સત્તા દેનારો તું છે પછી અમર કહ્યો, નિત્ય કહ્યો, શાશ્વત કહ્યો, ઘણા શબ્દો વાપર્યા છે.

**અસત્** શું? દેહ. સત્ તમે અગર આત્મા. અસત્ તે દેહ. દેહનો સંબંધ છૂટે તો સત્ મળે, કેમ કે દેહ અસત્



છે. સત્સંગ તો સત્ના સંગની વાત છે. તો અસત્નો સંગ છોડવો તેનું નામ જ સત્સંગ.

અસત્નો સંગ કેમ છૂટે? (૧) રામકૃપા (૨) વિવેક જાગે તો. વિવેક જાગે કહ્યું તેનો અર્થ વિવેક તો છે જ પણ મૂર્છામાં છે. જગાડવાની વાત છે.

તુલસીએ આ વાત કહી. "બિનુ સત્સંગ વિવેક ન હોઇ, રામકૃપા બિનુ સુલભ ન સોઇ." સત્સંગ કરો વિવેકને જાગવું-જ પડશે. કારણ કે અંદર મૂર્છિત છે તેને સત્સંગ જાગૃત કરશે.

હવે સત્સંગ માટે તુલસીએ કહ્યું કે "રામકૃપા બિનુ સુલભ ન સોઈ" રામકૃપા જોઇશે. તો તમને થશે કે બાપુ, આ કયાંથી લાવવી?

રામના સ્વભાવને તમે જાણ્યો નથી. તમે તો પતિના–પત્નીના, બાળકોના, મિત્રોના સ્વભાવને પણ નથી જાણ્યો. કાયમ ૨૦ વર્ષથી ભેગા રહો છો છતાં ઝગડો છો. કોણ ઝગડે? સ્વભાવની ખબર ન હોય તે સર્પનો સ્વભાવ કરડવું. અહીં નીકળે તો બધા ઉઠી જગ્યા આપે અને કહે જવા દો, નીચે જતો રહેશે. સર્પનો સ્વભાવ જાણો છો, પણ પતિનો નથી જાણતા.

અમારા સેવકોમાં ગામોગામ જુદા જુદા સ્વભાવના સેવકો છે. તે બધા અમારા માટે ઝગડે છે. વૈર કરે છે. પણ અમે તે બધાનો સ્વભાવ જાણી તે રીતે વર્તીએ છીએ. જો તમે રામના તમારા માનો-રામ છે તે આસ્થા કરો-તો રામનો સ્વભાવ જણાય.

રામ પતિતમાં પતિતને પાવન કરવા સદા ઉત્સુક છે. આવો કરૂણાવાન જગતમાં કોઇ નથી. આસ્તિક તો ઠીક પણ

નાસ્તિકને પણ અપનાવે છે અને ઇચ્છિત વસ્તુ આપે છે.

રામકૃપા માટે નિરાશ થવાની જરૂર નથી. પણ ૨૪ કલાક કામ કરતાં તેની માગ સતત કરો. બસ આ માગ જેમ જેમ તીવ્ર બનશે. તેમ તેમ સત્સંગ વધશે. વિવેક જાગશે. વિવેક જાગ્યા પછી અવિવેક જે અજ્ઞાન છે-અંધકાર છે તે જશે. રામ-કૃપાની માગ વધારો. આ સાધના બનાવો.

રામકૃપા કેમ વધે? રામકૃપા ક્યારે મળશે? રામકૃપા વિના મને ચેન પડતું નથી. રામકૃપા જલ્દી મળો મળો-મળો. રામ દયા કરો-દયા કરો-દયા કરો.

આવા ભાવ કરતા હશે. આ છે માગ. રામ પાસે માગો અને ન આપે તો રામ નથી. તુલસી-કબીર-મીરાં-રૈદાસ બધાને આપી છે, તો તમને કેમ ન આપે? જરૂર આપે.

માગો છો મારૂ ઘર વડોદરામાં બને. તો ઘણાને આપ્યું છે. રામને ઘર-મોટર-ધન-પ્રતિષ્ઠા-પદ આપવામાં વાંધો નથી તરત આપે છે. પણ જો રામકૃપા માગો તો થોડીવાર લગાડે છે. શું માગવું તે તમે જાણો. રામ તો આપવા તૈયાર જ છે. રાહ જુવે છે માગનારની.

ભૌતિકવાદી પદાર્થો માગે છે. અધ્યાત્મવાદી રામકૃપા માગે છે. માગવા ઈશ્વરે તમને સ્વતંત્રતા આપી છે. રામાયણમાં નારદનો પ્રસંગ છે.

નારદે મોહિની સાથે લગ્નની ઇચ્છા કરી. રામે વિવેકથી પ્રકાશ ફેંક્યો કે સાધુથી લગ્ન ન થાય. નારદે વિવેકનો અનાદર કર્યો, અને મોહિની ન મળી. પણ વાનર મુખ મળ્યું. નારદ ગુસ્સે થયા. ગુસ્સો શું કરે? શ્રાપ આપે. આપ્યો. ભગવાને સહર્ષ સ્વીકાર કર્યો. નારદનો ગુસ્સો ઉતર્યો તો



નારદ કહે, ભગવાન, મને કેમ ન રોક્યો? જો તમને ખબર હતી તો તમારી ફરજ ન હતી?

ભગવાન કહે-નારદ મેં રોકેલ પણ તને ખબર નથી. તને તારા વિવેકે જણાવેલ કે નહિ? સાધુ લગ્ન કરે તે બરાબર નથી. બોલ?

નારદ કહે-હા. તે વાત આપની ખરી. પણ તો મને પકડી લઇ જવો હતો? કેમ ન લઇ ગયા?

નારદે જ્યારે આ વાત કરી ત્યાં તો રામની આંખમાંથી ટપ ટપ આંસુઓની ધારા ચાલી. ગળે ડુમો ભરાઇ ગયો. બોલતાં બોલી શકાયું નહિ. ત્યાં તો નારદ કહે. મારીને રડવા બેઠા છો ખૂબ ધતીંગ જાણો છો.

રામ કહે-નારદ શું તને વાત કરૂં ૮૪ લાખ યોની બનાવ્યા પછી મને સંતોષ ન થયો એટલે થયું કે મારા જેવો જ છેલ્લો બનાવું અને મેં માનવ બનાવ્યો મારા જેવોજ માનવ સામે જોઇ હું પ્રસન્ન થઇ ગયો કે કેવો સુંદર! બુદ્ધિ-વિવેક-દર્શન, જ્ઞાનથી વિભુષિત કરી, રામે વંદન કર્યું વાહ! માનવ વાહ!

હું પ્રસન્ન થાઉં એટલે શું અપાય અને શું ન અપાય તેનો ખ્યાલ મને નથી રહેતો. એટલે થયું કે મારી પાસે હોય તે બધું હું માનવને આપી દઉં તરત જ મે યમરાજને બોલાવ્યા અને કહ્યું કે હું લખાવું તે પ્રમાણે નોટીફીકેશન કાઢો. યમરાજ કહે-ભલે મહારાજ, લખાવો. રામ કહે લખો.

તારીખ

નોટીફીકેશન નંબર........ યમરાજની કોર્ટ

આજે માનવને જોઈ ખૂબ પ્રસન્ન થયો છું, જેથી માનવને મારા વિવેક તેનો દોષ બતાવે, છતાં માનવ તેનો આદર કરવા કે અનાદર કરવા સ્વતંત્ર છે. અનાદર કરશે તો મારા વિધાન પ્રમાણે શિક્ષા ભોગવવી પડશે પણ આ શિક્ષા તેના હિતમાં હશે.

નારદ રડું છું તે માટે કે આ નોટીફીકેશન નડે છે. જો આ નોટીફીકેશન કાઢ્યા પછી એમેન્ડમેન્ટ (સુધારો) કાઢવા મને શક્તિ હોત તો સુધારા કાઢત. પણ સત્તા નથી. નારદ, જો આ સત્તા મેં મારી પાસે રાખી હોત તો તું જેવો મોહિનીનો વિચાર કરત કે મરી જાત. જો કોઈ જુઠું બોલત તો જીભ કપાઈ જાત. જો કોઈ આંખથી કુદૃષ્ટિ કરત તો તરત આંધળો થઇ જાત. પણ સ્વતંત્રતા આપી દીધી. મારા હાથ બંધાઈ ગયા છે.

નારદ તો સમજી ગયા. તમે કયાં સમજો છો. પોતાને જુઠું બોલવા છુટ. પણ પોતાનો બાબો જુઠું બોલે તો સાંભળવા તૈયાર નથી. કારણ કે જુઠું બોલો છો ટેસથી પણ જુઠું સાંભળવા રાજી નથી. ખૂબ હુશિયાર છો.

હવે તમને **બુદ્ધિ-વિવેકમાં ફેર શું** તે જણાવી દઉં. બુદ્ધિ વિવેક નથી. બુદ્ધિ પ્રકૃતિનું કાર્ય છે. તે જ્યાંસુધી સત્ત્વપ્રધાન ન બને ત્યાં સુધી ખોટું જ બતાવે છે. વિવેક આત્માનો ક્લેશ લાઈટ છે.

ચોક (ચાર રસ્તા) આવે ત્યાં લાલબત્તી હોય છે. જે સૂચવે છે કે STOP નહિતર અકસ્માત થશે. જે નથી રોકાતા તે ભટકાઇ જાય છે.

વેપારી સીંગતેલમાં પામોલીન ભેળવે છે ત્યારે તેનો વિવેક લાલબત્તી કરે છે કે રોક. આ બરાબર નથી કરતો.



છતા રોકાતો નથી. તો પકડાઇ જેલ ભેગો થાય છે આ છે એકસીડન્ટ.

હવે બુદ્ધિ તો વેપારીને ચોરી કેમ કરાય તે બતાવે છે, કે પામોલીન અમુક ટકા નાંખ લોકો સીંગતેલજ જાણે. આ પ્રમાણે બુદ્ધિ ચોરીની યુક્તિઓ શોધી આપે છે. વિવેક કદી કોઇને ખોટું ન બતાવે.

તમે બધા વિવેકી જ છો. વિવેકને સદા અપનાવો છો. પણ આ વિવેક તમારો વહેવારમાં હોય છે. તમારા દિકરાના લગ્નમાં જો કોઇએ રૂા. ૧૧/– ચાંદલો કર્યો હોય તો તમો પણ તેના દિકરાના લગ્નમાં રૂા. ૧૧/– જ ચાંદલો કરો છો.

એક વેપારી તમારી પાસે પસા માગે છે. અવારનવાર ઉઘરાણી કર્યા છતાં તમે આપતા નથી. જેથી વેપારી કંટાળે છે. અને બજાર વચ્ચે તમને ગાળો ભાંડે છે. આ વખતે તમે તેને કહો છો કે શેઠ વિવેક રાખો.

તમે શું કહ્યું, તે ખબર છે? તમે વેપારીને કહ્યું કે શેઠ તમને કોઇ ગાળો ભાંડે તે પસંદ આવશે? જો–ના–તો વિવેક રાખો. મને પણ તમારાથી ગાળો ન દેવાય.

વિવેકનો અર્થ છે. તમને તમારા માટે જે ન ગમે તમે તે બીજાને ન દો, તમને તમારા માટે જે ગમે તે બીજાને દો.

બોલો–તમારી કોઇ બુરાઇ કહે અગર તમારૂં બુરૂં બોલશે તો તમને ગમશે? જો–ના–તો તમો કદી કોઈની બુરાઈ ન કરો. કોઈનું બુરૂ ન બોલો. બસ જેથી તમે બીજાની બુરાઇ બંધ કરી, બીજાને બુરા જોવા બંધ કર્યા તે જ ક્ષણે બનશો મહાત્મા. આ છે વિવેકનો ચમત્કાર.

બીજાને બુરા જોવા બંધ કર્યા તેનું ફલ શું હશે ?
ક્રોધ જશે, લોભ જશે. આ છે મોટો ચમત્કાર.
મહાત્મા એટલે શું ?

ક્રોધ ન હોય, લોભ ન હોય. બધાને પોતાના માને કારણ કે બીજાને બુરા નહિ જુવો તો બધા ભલા દેખાશે. જેનું પરિણામ તમે ભલા બનશો અને તમારામાંથી ભલાઈ જ નીકળશે. જગતને ભલાની જરૂર છે. એટલે જગત તમારી જરૂરીયાત તેની જરૂરીયાત માનવા લાગશે.

[પ. પૂ. સ્વામીશ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી]

*——*

પરિશ્રમ વગર એટલે કે તપ વગર કશું જ પ્રાપ્ત થતું નથી તો પછી આત્મશોધ કેમ થઈ શકે ?

IS:10001

ઓ. ૨૫૯૧૭
ફે. ૩૩૬૬૦
ઘ. ૨૮૨૧૪

ખેતીની સિચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ

ઢેબર રોડ, રાજકોટ-૨



# તૃષ્ણા ક્યારે શમે ?

**શાસ્ત્રી પ્રીતમપ્રસાદદાસ**

જૂનાગઢમાં બ્રહ્મકુંડ છે. ઘણા વર્ષોથી તે જાણીતો છે. ગિરનારના સિદ્ધો, સાધુ-સંતો અહીં નહાવા આવતા. તેના કાંઠે સંધ્યા કરતા. અહીંનું વાતાવરણ જ એવું કે બ્રહ્મ-સંબંધી વિચારો વહેલા આવે. આજે પણ ધાર્મિક વૃત્તિવાળા લોકોને આ બ્રહ્મકુંડ પ્રત્યે પૂજ્યભાવ છે.

એક દિવસ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત સ્વામી ગુણાતીતાનંદજી તથા તેમના એક શિષ્ય જાગાભક્ત અહીં બેઠા બેઠા ગોષ્ઠિ કરતા હતા. ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મના અનુભવી હતા. એમની દૃષ્ટિમાં બ્રહ્મનો જ ભાવ હતો. શિષ્ય સાથે વિચારોની, અનુભવોની આપ-લે કરતા હતા. સ્વામી કહેતા, 'કદાચ ભગવાન કૃપાએ કરીને સમાધિ કરાવે તો રાજી થવું પણ એમાં તૃપ્ત ન થઈ જવું. અંતકાળ સુધી બ્રાહ્મીસ્થિતિ રાખવાની છે. તે સંતસમાગમથી થશે.'

જાગાભક્તને આવી વાતો ગમતી. બીજે દિવસે પણ તેઓ સ્વામી સાથે આ જગ્યાએ આવ્યા. કાંઠા પર ટેકરી જેવું હતું. અહીંથી જૂનાગઢની શોભા સારી દેખાતી. ગુણાતીતાનંદ સ્વામીએ શહેરના ઊંચા મકાનો-હવેલીઓ જોઈને કહ્યું : 'જાગાભગત, કેવું સુંદર શહેર જૂનાગઢ દેખાય છે ! આ આખા ગામનું રાજ્ય કોઈને મળી જાય તો એનું પૂરું થાય ?'

'ના !' ભગતે કહ્યું.

સ્વામીએ કહ્યું : 'વડોદરાનું મળે તો ?'

'તો યે ન થાય સ્વામી !'

'ત્યારે ચક્રવર્તી રાજ્ય મળે તો પૂરું થાય ?'

'તો ય ન થાય! આ જીવનું ક્યારેય પૂરું થાય એમ નથી.

મોટા માણસને મોટી ચિંતા ! એ ચિંતાઓ રાતે ઊંઘવાયે ન દે. येन केन प्रकारेण ધનકુબેર થવાની તાલાવેલીમાં જીવન જીવવાનું સુખ ન આવે.' જાગાભક્તે કહ્યું.

ત્યારે સ્વામીએ કહ્યું : 'ખરું કહ્યું તમે જાગાભક્ત. એ તો ત્રણ ગુણથી પર ગુણાતીત થાય તો કંઇ અધુરું ન રહે ! મનુષ્ય બહારના ભૌતિક પદાર્થોમાં સુખ શોધે છે પણ સુખ તો મનુષ્યના આંતર જગતમાં-હૃદયમાં રહેલું છે. જગતના જીવોને ગમે તેટલો ધનવૈભવ મળે, પણ એની તૃષ્ણા શમતી નથી. એથી એ કાયમ દુઃખી જ રહે છે. ભવિષ્યનાં સ્વપ્નોમાં ગોથાં ખાય. એમ થયા કરે કે આટલું હોય તો ઠીક. આટલું મળે એટલે વળી થાય કે બીજું મળે તો ઠીક; એમ વધુને વધુ ઈચ્છા રહ્યા જ કરે. માટે ત્રણ ગુણથી પર રહેવા વિચાર કરવો.'

જાગાભક્તને આજ વસ્તુ જાણવી હતી. સ્વામીના મુખે પરલોકના સુખની વાત સાંભળવી હતી. સ્વામીની આ પરભાવની વાતોથી એમને ખૂબ આનંદ થયો.

ગુણાતીત પુરૂષનો સમાગમ એ મોટું શિક્ષણ છે.



# ધર્મનું જીવનમાં સ્થાન

મણીભાઇ ર. દવે

ધર્મનો જીવનમાં ફુરસદ વખતે એટલે જ્યારે વ્યવહારનું કોઈ કામ ન હોય ત્યારે વખત ગાળવાના સાધન તરીકે ઉપયોગ થતો જોવામાં આવે છે. આપણામાં લોકોક્તિ બની ગઇ છે કે "ઘડપણમાં ગોવિંદને ભજીશું." આખી જિંદગી વ્યવહારના કાવાદાવા અને ધન, પદ અને પ્રતિષ્ઠા મેળવવા પાછળ પાગલ થઇને દોડનારો ઘડપણમાં ગોવિંદ કેવો ગાશે તે વિચારવા જેવું છે! ધર્મને આપણે અગત્યનો વિષય માન્યો નથી. વ્યવહાર તેના ઉપર અવલંબન રાખીને આચરવો જોઇએ તેવું માન્યું નથી. ધર્મને એક 'side buisiness' જેવો ગણ્યો છે. તેથી આપણી બધાંની ચિંતા ફક્ત વ્યવહાર પૂરતી મર્યાદિત રહી છે. જીવનનો પરમ નિયમ એવો છે કે આપણામાં જેની ચિંતા, પેદા થાય તેનું જ આપણે ચિંતન કરતાં થઇએ છીએ. એટલે દરેક મનુષ્ય તેના સંસારનું જ ચિંતન કરતો જોવામાં આવે છે. જીવનમાં દ્રવ્ય કમાવું, પોતાના સમાજમાં પ્રતિષ્ઠિત ગણાવું. મોટર-બંગલાવાળા બનવું, પોતાના સંતાનોને સારી કેળવણી આપી મોભાદાર બનાવવા અને તેમનાં લગ્ન કરી સંતોષકારક રીતે નોકરીધંધામાં ઠેકાણે પાડવાથી વિશેષ જીવનનું કર્તવ્ય રહેતું નથી. તેવું બધા માનીને જીવતાં હોય છે.

તમે કોઇ પણ વૃધ્ધને સામો મળે ત્યારે પૂછો કે તમારે કેવું ચાલે છે? તેણે જો પોતાનો વ્યવહાર ઉપર મુજબની રીતે પૂરો કર્યો હશે તો કહેશે કે હું તો સંપૂર્ણ રીતે પરવારી ગયો છું, એક નાનો છોકરો પરણાવવાનો બાકી છે.

અગર દીકરી પરણાવવાની બાકી છે અગર જમીનનો પ્લોટ વેચાતો રાખ્યો છે તેના ઉપર બાંધકામ કરવાનો કોન્ટ્રેક્ટ આપી દીધો છે...હવે બીજું કંઇ પણ કરવાનું બાકી રહેતું નથી. આપણે પૂછીએ કે આ સિવાય જીવનમાં કરવાનું કંઇ બાકી રહેતું નથી ? તો તે વિચારમાં પડી જઇ ને કાંઇ યાદ કરીને કહેશે કે એક એન્જીનીયર કે ડોકટર છોકરાને અમેરીકા મોકલવાની તજવીજ ચાલે છે. તેના પણ વીસા વગેરેના કાગળો તૈયાર થઇ ગયા છે. તે પણ એક બે મહિનામાં પતી જશે એટલે વ્યવહારનું તો બધું કર્તવ્ય પૂરું થઇ જશે. પછી તમારો અવશેષ જીવનનો કાળ કેવી રીતે ગાળવા માંગો છો ? તો કહેશે કાંઇ ધંધામાં પડીશું અગર ભાગીદારીમાં પૈસાનું રોકાણ કરીશું અને છોકરા અમેરિકામાં 'settle' થઇ જશે એટલે એમની પાસે જઇને રહીશું, કારણ કે હવે વૃદ્ધાવસ્થામાં વખત કેમ કાઢવો તે પ્રશ્ન અમને અત્યારથી સતાવ્યા કરે છે.

હવે વિચાર કરો કે મોટા ભાગના આવા વૃદ્ધો ગોવિંદને કેવા ભજતા હશે ? આપણે ઠેર ઠેર ધાર્મિક પ્રવચનોમાં હાજરી આપતા વૃદ્ધોને જોઇને અગર સંન્યાસાશ્રમમાં નિયમિત જતા જોઇએ તો તેમનાથી પ્રભાવિત થવાની જરૂર નથી. જીવનની સંધ્યાએ તેઓ ફક્ત માનસિક રીતે ધકેલાઇ ગયા છે. વખત કેમ ગાળવો તે તેમની ચિંતાનો વિષય બની ગયો હોઇ તેમણે સમાજમાં ધાર્મિક ગણાવા માટેની આ પ્રયુક્તિ શોધી કાઢી છે. પોતાના સંસારમાં હવે તેમની ખાસ જરૂર ન રહેતાં તેમણે ધર્મને છટકબારી તરીકે સ્વીકાર્યો છે. ધર્મની સભામાં પણ તેઓ સંસારનું જ ચિંતન કરતા હોય છે. પરંતુ સંસ્કારી વૃદ્ધો કોઇ કલબમાં જાય તો સમાજમાં સારા ન લાગે એટલે ધર્મને પ્રતિષ્ઠા અપાવનારો ગણી તેમાં હાજરી આપતા હોય છે.



જૂની અને નવી પેઢી વચ્ચે રહનસહન અને દષ્ટિબિંદુમાં આંતરો પડી ગયો હોઇ હવે વૃદ્ધો કુટુંબમાંથી બહાર ફેંકાઇ ગયેલા પોતાને ઘણી વખત સમય ગાળવા માટે પણ દેવમંદિરો, તીર્થસ્થાનો ને ધાર્મિક પ્રવચનો સાંભળવાનું યોગ્ય માનતા હોય છે. આવો મોટો સમાજ ફરજિયાત રીતે ધર્મ તરફ વળેલો જોવામાં આવે છે. કેટલાંક તો "નાહ્યા તેટલું પુણ્ય" માનીને વૃદ્ધાવસ્થામાં અગાઉ થઇ ગયેલા કર્મના પ્રાયશ્ચિત રૂપે ધર્માચરણ કરતાં જોવામાં આવે છે. આમાં કોઇ પણ ઠેકાણે સાચો ધર્મ હોતો નથી. કયાંથી હોય ? આખી જિંદગી અનેક કામનાઓમાં ગાળી હોય અને તે વખતે ધર્મને સ્વપ્નમાં પણ સંભાળ્યો ન હોય તો વૃદ્ધાવસ્થામાં તે કયાંથી સૂઝે ? અને આ વૃદ્ધોને તેમને નજીક દેખાતું મૃત્યુ ડાહ્યા બનાવી, ધર્મ સિવાય બીજો ઇલાજ નથી તેથી ધાર્મિક બનાવ્યા છે. ધર્મને તેમણે ચિંતાનો વિષય માન્યો નથી. પરંતુ ના ઇલાજે મૃત્યુના ભયથી સંતાઇ જવાનો એક પ્રકાર ગણ્યો છે. શાહમૃગ પોતાની પાછળ પડેલા દુશ્મનને જોઇ તેને ભૂલી જવા જેમ પોતાનું મોઢું રેતીમાં સંતાડી દે છે. તેમ આ વૃદ્ધો મૃત્યુને નજીક જોઇ ધર્મ તરફ વળેલા હોય છે. હજુ પણ તેમનામાં સંસાર જ ભરેલો જોવામાં આવે છે.

જીવનનો પરમ નિયમ એવો છે કે જે તમારી ચિંતાનો વિષય બને તેનું જ તમે અહર્નિશ ચિંતન કરતા થાઓ. ને જેવું તમારું ચિંતન એકધારુ બની રહે તેવા તે તમને બનાવે, વ્યવહારનું ચિંતન વ્યવહારમાં કુશળ બનાવે ને ધર્મનું ચિંતન તમને ધર્મપરાયણ બનાવે. પસંદગી તમારે કરવાની છે. આપણે કદી ધર્મની ચિંતા કરી હોતી નથી. સમાજમાં પળાતો ધર્મ, વ્યવહારની સફળતા માટે અને ચીલાચાલુ રીતે આચરવામાં આવતો હોય છે. તેમાં પ્રેમ અગર ભાવની સુગંધ કયાંય વર્તાતી

નથી. ધર્મ માટે આવું કેમ બન્યું હશે તે એક વિચારણીય બાબત ગણાય. સંતો અને સદ્શાસ્ત્રોનું કહેવું છે કે મનુષ્ય જેને સાચું માને તેની ચિંતા કરતો અગર કાળજીવાળો બને. સંસારને આવો નામરૂપવાળો જોઈને તે સાચો જ હશે તેવું માનીને બધાં જીવતા હોય છે. એટલે મનુષ્યની બધી કાળજી ફક્ત સંસાર માટેની જોવામાં આવે છે. સંતો કહે છે કે સંસાર સાચો નથી છતાં સાચા જેવો લાગે છે. તેનાથી મનુષ્યો છેતરાય છે. મનુષ્ય આખી જિંદગી સંસારમાં ગાળે છે. તેને થતા અનુભવો સંબંધી તે નિખાલસપણે એકરાર કરે છે કે "સંસારમાં કશો સાર નથી" તેણે જે સાચું માનીને મનુષ્યના સંબંધો બાંધેલા અને દુન્યવી પદાર્થોથી શાંતિ મળશે તેવું માની તેમને એકઠા કરવામાં આખી જિંદગી દોડયા કર્યું છતાં તેને શાંતિ મળી નહીં એટલે તેને મૃગજળ પાછળ દોડયા જેવો અનુભવ થયો હોય એમ જણાય છે.

સત્ય અદૃશ્ય રાખ્યું છે અને નામરૂપવાળું દૃશ્ય બહાર રાખ્યું છે તે સત્ય નથી, પરંતુ સત્યનો ભાસ માત્ર છે. આપણે બધાં આભાસની દુનિયામાં જીવીએ છીએ. અને આપણા જીવનનું ચિંતન પણ સાકાર પ્રાણી પદાર્થો માટેનું છે. બધાં મનુષ્યો "object oriented" ચિંતન કરતાં હોય છે. દુનિયાના વિદ્વાન અને ડાહ્યા ગણાતા મનુષ્યોને પૂછો કે તમે રાત-દિવસ શાનું ચિંતન કરો છો? તો કહેશે કે આ બહાર દેખાય તે જગતનું.

સાચા ધર્મની શરૂઆત બહાર નહિ પરંતુ અંદરથી કરવાની છે. ધર્મનું કેન્દ્ર તમારો દ્રષ્ટા છે. અને દૃશ્ય તો તેનો પડછાયો છે. દ્રષ્ટા સાચો છે. તેને ઓળખવા માટે આ મનુષ્ય જન્મ અને ધર્મનું સાધન મળ્યું છે. તમે દ્રષ્ટા તરીકે



હાલ જે જીવી રહ્યા છો તે નિર્મળ ને સત્ય દૃષ્ટિવાળો નથી. તેથી તેને સંસાર સાચા જેવો લાગે છે. મન સહિતનો દ્રષ્ટા સંસારના સાચાપણાથી પકડાએલો છે. પરંતુ તેની અસલ હાલત તો સચ્ચિદાનંદ પરમાત્માની છે. દ્રષ્ટામાં ચૈતન્ય પરોવાયેલું છે. પરંતુ તે અહંકારની કેદમાં પડેલું હોઈ તેને સાચું દર્શન થતું નથી. આપણામાં દ્રષ્ટા અહંકારની મારફત જુએ છે. તેને અહંકારમાંથી છોડાવવાની સાધના કરવાની છે. આપણે હાલ જીવ બનીને જીવી રહ્યા છીએ. પરંતુ આપણે અસલ સ્વરૂપે તો શિવ જ છીએ. આપણામાં શિવપણું પ્રગટાવવા માટેની જો ચિંતા દાખલ થાય તો તે આપણી જિજ્ઞાસા બને અને આપણે આપણા દ્રષ્ટાનું અહર્નિશ ચિંતન કરતા બનીએ. વેદાંત કહે છે કે જેનો તમારામાં ખટકો રહ્યા જ કરે તે જ તમારું ચિંતન બની જાય, દ્રષ્ટાને તમે હાલ સુધી કદી સંભાળ્યો નથી. તેના વડે તમારો બધો જીવન વ્યવહાર ચાલે છે. પરંતુ તે કોણ છે તેવું તમે કદી વિચાર્યું પણ નથી. તમે સદા દૃશ્યની દરકાર અને ચિંતા કરી છે. તેણે તમને હાલ સુધી જન્મ મરણના ફેરામાં રખડાવ્યા છે. હવે દ્રષ્ટાને જાણવાનો પ્રયત્ન કરી જુઓ. દ્રષ્ટા એટલે તમે, તમે તમારી જાતને ઓળખો તે કેવી રીતે કરવું? કઈ સાધના કરવાથી આપણી જાતને ઓળખી શકાય? વેદાન્ત એ જીવનનું શાસ્ત્ર છે. તે કહે છે કે જેવી રીતે તમે સંસારની સિદ્ધિ મેળવી તે રીત જ તમારે તમારા સ્વરૂપ માટે અજમાવવાની છે. બહારને બદલે અંદર એટલે ઉલટ દિશામાં તમારે તમારી કાળજીને વહેતી કરવાની છે. તમારી ચિંતાનો વિષય હવે તમારો દ્રષ્ટા બનવો જોઈએ. જો તમે રાતદિવસ તેના ખટકામાં જીવવા લાગશો તો તે તમારું ચિંતન બની જશે. આ ચિંતન એ જ આધ્યાત્મિક સાધનાનું રહસ્ય છે. ભગવાન

ગીતામાં અનન્ય ચિંતન કરવાનો જે માર્ગ કહે છે તે વેદાન્તની સાધનાની પ્રક્રિયા છે. તમારી શક્તિ કેવી છે તે તમે જાણતા નથી. ચિંતન કરનાર તમે શુદ્ધ સ્વરૂપે આત્મા છો, તમે જેના ઉપર તમારૂ ચિંતન કેન્દ્રિત કરો તેના જેવા તમે બની જાઓ, હાલ સુધી સંસાર માટે કેન્દ્રિત કરેલા ચિંતને તમને બંદીવાન્ બનાવ્યા હતા. કારણ કે સંસાર તમને ભ્રાંતિ સિવાય બીજું શું આપી શકે ? હવે તમે સાચી દિશામાં એટલે સ્વ–ચિંતન કરવા માંડયું એટલે તમારો દ્રષ્ટા જે મનની ભ્રાંતિવાળો હતો તે તમારા ચિંતનથી તેના આવરણમાંથી મુક્ત થઈ તમારી સામે પ્રગટ થાય છે. આને જ આત્માની ઓળખ કહે છે. self realization શબ્દમાં રહસ્ય એ છે કે હાલ સુધી તમારો self અથવા સ્વ અથવા દ્રષ્ટા અહંકારની સોબતથી ખોટો બની ગયો હતો તેને તમારા ચિંતનથી તમે તેના મૂળ સ્વરૂપે સાચો એટલે real બનાવ્યો. આત્મા સાક્ષાત્ થયો. તેના સાક્ષાત્ થવામાં અદ્ભુત કિમીયો એ છે કે તમે નર હતા. તેમાંથી હવે નારાયણ બન્યા. જીવમાંથી શિવ બન્યા અને દ્રષ્ટામાંથી સાક્ષી બન્યા.

ધર્મ શબ્દ દ્રષ્ટાને ઓળખવા માટે વપરાય છે. અને હોવો પણ જોઈએ. આપણે બહાર જે ધર્મ આચરતા હોઈએ છીએ તે સંસારની પુષ્ટિ અર્થે કામનાના ફળ માટેના છે. ધર્મ દશ્યમુખી હોય કેવી રીતે ? ત્યાં તો બધો સંસાર છે. સંસારીઓ ધર્મને પણ બહાર ખેંચી લાવ્યા છે. ધર્મના બધાં અનુષ્ઠાનો પણ બહાર થાય છે. આ ધર્મ નહીં પરંતુ ધર્મના ઓઠા નીચે સંસારનો ફેલાવો છે. ઘણાં આવા ધર્મમાં ફસાએલા જોવામાં આવે છે. સાચો ધર્મ દ્રષ્ટાને ઓળખવાનો છે. વેદાન્તના ઋષિઓએ આત્માનો ધર્મ આચરી બતાવ્યો.

* *



# એક અદ્ભુત આત્મદર્શી ગૃહસ્થી સંત શ્રીમદ્ રાજચંદ્ર

જે. વી. શાહ

અપૂર્વ અવસર એવો કયારે આવશે ?
કયારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?

શ્રીમદ્ રાજચંદ્રની આ પંક્તિઓથી ભાગ્યેજ કોઈ અપરિચિત હશે.

એમનું મૂળ નામ શ્રી રાયચંદભાઇ. એમના પિતાજી શ્રી રવજીભાઇ મહેતા અને માતા શ્રી દેવબાઇ. એમનો જન્મ સં. ૧૯૨૪ના કારતક સુદ પુનમના દિવસે રાજકોટથી થોડે દૂર વવાણિયા ગામમાં થયેલો. એમના પિતા કૃષ્ણ ભક્ત ને માતા જૈનધર્મી હતાં, તેથી પિતાના સંસ્કારોના પરિણામે નાનપણથીજ એમનામાં ભગવાનના અવતારો પ્રત્યે ભક્તિ–પ્રીતિ ઉત્પન્ન થયેલાં. સાથે સાથે માતાના સહવાસથી જૈનધર્મ પ્રત્યે પણ એમને પ્રેમ આદર ને આકર્ષણ થયેલું. નાનપણથીજ તેઓને કથાકીર્તનમાં રસ પડતો અને ત્યાગી થવાની ભાવના થયાં કરતી.

બચપણથી તેઓને ચિંતન ને મનનની ટેવ હતી. વળી પ્રબળ આધ્યાત્મિક જીજ્ઞાસાને લીધે નિત્ય નવું નવું જાણવાની પ્રવૃત્તિ કરતાં રહેતાં અને પછી તે ઉપર ચિંતન મનન થયા કરતું. કવિતા કરવાની શક્તિ તેઓમાં બાળપણથી જ હતી. માત્ર નવ વર્ષની વયે એમણે રામાયણ અને મહાભારતના ગ્રંથો ઉપર પદ્યમય રચનાઓ કરીને એમનામાં

રહેતી નૈસર્ગિક કવિત્વશક્તિની ખાત્રી સહુને કરાવી આપી છે. તેઓમાં સારી એવી વક્તૃત્વશક્તિ પણ હતી. દસ-અગિયાર વર્ષની નાની વયે તેઓ જુદા જુદા વિષયો ઉપર સુંદર છટાદાર ભાષણ આપી શકતા.

એમની સ્મરણ શક્તિ અદ્દભૂત કે અસાધારણ કહી શકાય. સાત વર્ષની વયે તેઓ નિશાળે બેઠા પછી, માત્ર બે જ વર્ષમાં તેઓએ સાત ધોરણનો અભ્યાસ પૂરો કરી નાખ્યો ! કેવું અદ્દભૂત કહેવાય ? તેઓએ અંગ્રેજી ભાષાનું શિક્ષણ લીધું ન હતું, છતાં મહાવરાથી તેઓ અંગ્રેજી તાર ને પત્રો વાંચીને તેનો ભાવાર્થ સમજી શકતા. નાનપણમાંથી જ વિવેક, વૈરાગ્ય, ને મુમુક્ષુવૃત્તિને લીધે અંગ્રેજી શિક્ષણ પ્રત્યે તેઓ ઉદાસીન રહેલા.

ધીમેધીમે તેમની સ્મરણશક્તિ એટલી બધી વધેલી કે તેઓએ પોતાના શતાવધાનીપણાની શક્તિનો પરિચય ઘણા લોકોને કરાવેલો. આવી શક્તિ એ કોઈ પ્રદર્શનીય વસ્તુ નથી એમ લાગતાં તેઓએ તેવા જાહેર કાર્યક્રમોમાં ભાગ લેવાનું માંડી વાળ્યું.

માત્ર ૧૩ વર્ષની નાની વયથી જ તેઓ પિતાજીની ઝવેરાતની દુકાને બેસતા. તેઓ પોતાનું વેપારનું કામ ખૂબ ચોકસાઈ ને ચીવટથી કરતા અને નીતિ કદી ચૂકતા નહિ. દુકાને બેઠા હોય ત્યારે કોઇ દિવસ તેઓ ખોટો ભાવ કહેતા નહિ, કે કોઇને કદી વજનમાં ઓછું આપતા નહિ. આમ પોતાના વ્યવહારમાં તેઓ એક આદર્શ નીતિમાન વેપારી તરીકે વર્તતા. દુકાનના ફાજલ સમયમાં તેઓ પુસ્તકો વાંચતા અને કવિતાઓ રચતા. આ વાંચન અને અદ્દભુત સ્મરણ શક્તિના પરિણામે તેઓ એક બહુશ્રુત વિદ્વાન્ બની



ગયા. તેઓએ હિંદુ ધર્મશાસ્ત્રો અને જૈન ધાર્મિક સાહિત્યનો ખૂબ તલસ્પર્શી અભ્યાસ કર્યો. તેથી તેઓને ધર્મના સાચા તત્ત્વની પ્રતીતિ થઈ અને આ ધર્મોમાં પ્રવેશેલ આડંબર-યુક્ત આચરણોમાં ફેરફાર આણવાની તમન્ના જાગી.

એમના પત્નીનું નામ ઝબકબાઈ. ઓગણીસ વર્ષની ઉંમરે એમનું લગ્ન થયું. એમના લગ્નજીવન વિષેની ખાસ વિગતો ઉપલબ્ધ નથી. જો કે શ્રીમદ્ નાનપણથી જ વૈરાગ્યવૃત્તિ ને મનનશીલ સ્વભાવવાળા હતા. એટલે તેઓ કેટલા અંશે ગૃહસ્થી જીવનમાં પોતાની જાતને ગોઠવી સફળ થઇ શકે, તે કહેવું મુશ્કેલ છે. જો કે તેઓ એક સફળ આદર્શ ગૃહસ્થી બનવાનું વિચારતા હતા; તેની પ્રતીતિ તેઓના પોતાનાજ શબ્દો ઉપરથી થાય છે : “ ધર્મ વડે અર્થ પેદા કરૂં, નીતિ વિના સંસાર ન ભોગવું, ભણેલી સ્ત્રી શોધું ને પુત્રીને ભણાવ્યા વિના ન રહું.” આ શબ્દો ઉપરથી જણાય છે કે તેઓ એમના જમાનામાં સ્ત્રી કેળવણીના ભારે હિમાયતી કે પક્ષપાતી હતા. એટલું જ નહિ પણ પોતાના જીવનમાં તેનું આચરણ કરી બતાવવા સદાય તત્પર રહેતા.

અધર્મ આચરણથી પૈસો રળવાની વૃત્તિ તેમનામાં હતી જ નહિ; એ જ રીતે લગ્ન જીવનમાં પણ નીતિની મર્યાદાઓનું સંપૂર્ણ પાલન કરવાના તેઓ આગ્રહી હતા. જો કે માત્ર ૩૩ વર્ષની ભર યુવાનવયે એમનો સ્વર્ગવાસ થવાથી, લગ્નજીવનના પોતાના આદર્શો તેઓ કેટલા અંશે ચરિતાર્થ કરી શકાય તે આપણે બહુ જાણતા નથી.

પૂ. મહાત્મા ગાંધીજીને સત્ય અને અહિંસાની શિક્ષા ધરવાનો યશ શ્રીમદ્ રાજચંદ્રને ફાળે જાય છે, ઇંગ્લેન્ડમાં અભ્યાસ માટે ગયેલ ગાંધીજીના મનમાં ખ્રિસ્તી પાદરીઓના

પ્રચારથી હિંદુધર્મ ને ભારતીય સંસ્કૃતિ વિષે જે કેટલીક ભ્રાન્તિઓ પેદા થયેલી, તેનું નિરસન કરવાનું કામ શ્રીમદ્ રાજચંદ્રના પત્રોએ કર્યું છે. એટલે જ પૂ. ગાંધીજીએ કહ્યું છે; મારા જીવનમાં શ્રીમદ્ રાજચંદ્રની છાપ મુખ્યપણે છે. મહાત્મા ટોલ્સ્ટોય અને રસ્કીન કરતાં પણ શ્રીમદે મારા ઉપર ઊંડી અસર કરી છે. એમના જીવનમાંથી શીખવાની બે મોટી વાતો–તે સત્ય અને અહિંસા. તેઓ પોતે જે સાચુ માનતા, તે જ આચરતા.

શ્રીમદ્ પોતે મુંબઈમાં રહેતા હોવા છતાં તેઓ ઘણીવાર એકાંત સેવન માટે બહારગામ જતા રહેતા. ઇડર પાસેના બરવઇના ડુંગર ઉપર તેઓ ઘણીવાર આવીને નિવાસ કરતા. તેઓ કહેતા "હું અહીં એટલા માટે આવું છું કારણ કે અહીંનું વાયુમંડળ મને વધારે પવિત્ર ને શુદ્ધ લાગ્યું છે."

શ્રીમદ્ રાજચંદ્રની ઇચ્છા સંસારનો ત્યાગ કર્યા સિવાય આત્મસાક્ષાત્કાર કરવાની હતી. આ માટે તેઓ આત્મચિંતન કરતા અને એકાંતમાં વસી ધ્યાનધારણમાં ડૂબી જતા. પરિણામે એમને જે શાંતિનો અનુભવ થયેલો તેને તેઓએ નીચેની પંક્તિઓમાં અક્ષરદેહ આપ્યો છે.

ધન્ય રે દિવસ આ અહો !
જાગી રે શાંતિ અપૂર્વ રે.

શ્રીમદ્ એમના જીવનમાં પરંપરાવાદી નહિ, પણ પ્રયોગવાદી હતા. તેઓ પોતાની બુદ્ધિ ને સમજ શક્તિનો પૂરેપૂરો ઉપયોગ કરી જીવનમાં નિર્ણયો લેતા અને એ પ્રમાણે નિર્ભય પણે આચરણ કરતા. એમ કરવામાં જે કંઇ મુશ્કેલીઓ આવે તેને હસ્તેમુખે સ્વીકારી લેતા ને એમ નવાં નવાં સત્યોનો



સાક્ષાત્કાર કરતા. આત્માનુભૂતિ માટે એમણે તીવ્ર સાધના કરી છે. એમની આ સાધનાનો વેગ કદાચ એમનું નબળું શરીર ન સહન કરી શક્યું. એટલે જ સં. ૧૯૫૭ ના ચૈત્ર વદ ૫ને દિને તેત્રીસ વર્ષની યુવાનવયે એઓ સ્વધામ પહોંચ્યા.

શ્રીમદ્દનું મોટાભાગનું સાહિત્ય પત્રો અને નોંધોરૂપે છે. આમ છતાં એમના 'પુષ્પમાળા, મોક્ષમાળા, આત્મસિદ્ધિશાસ્ત્ર વગેરે ગ્રંથો ઘણા પ્રસિદ્ધ છે; જેમાંથી આજે પણ સાધકો પ્રેરણા મેળવી, જીવનમાં આત્મિક સાધનાના માર્ગે આગળ વધે છે.

ધન્ય છે ગુજરાતના એ ગૃહસ્થી છતાં વૈરાગી સત્ય અને અહિંસાના આગ્રહી એવા વિરલ સંતને !

## વિશ્રામગૃહને સહાય

યાત્રાધામ અંબાજીમાં પ. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને ભાવિક સદ્દગૃહસ્થો તરફથી સહાય મળતી રહે છે. છેલ્લે મળેલ સહાયની વિગત નીચે પ્રમાણે છે.

૧૦૧ શ્રી વિવેક રામભાઇ પટેલ, સેલવાસા.
૧૦૧ શ્રી અરૂણાબેન ઠક્કર, ભાવનગર.
૫૧ શ્રી જયાબેન ઠક્કર, ભાવનગર.
૨૫૧ શ્રી રામશંકર કુલશંકર વ્યાસ, મુલુન્ડ
૨૬૦ શ્રી વિજયભાઇ રાણા, વડોદરા, બે ટયુબ લાઇટો માટે.
૫૦૧ શ્રી વિશ્વનાથ મૂ. જાની, મુંબઇ.

યોગેશ્વરજીની આત્મકથા

# પ્રકાશના પંથે

સંક્ષેપઃ–પરમાર્થી

ઇ. સ. ૧૯૪૭ ના ડીસેમ્બરની આઠમી ને નવમી બંને તારીખો મારા સાધનામય જીવનની પ્રબળ પ્રેમપૂર્ણ પ્રાર્થના તારીખો રહી.

ઋષિકેશની દેવકીબાઇ ધર્મશાળામાં નવમી તારીખની રાતે પ્રાર્થના કરવા બેઠો. અંધારા ઓરડામાં માની કૃપામયી પ્રેમપૂર્ણ મૂર્તિ હમણાં જ પ્રકાશી અને હસી ઊઠશે, માનો સુધા છલેલો સુમધુર સ્વર કાને પડશે, એવી આશા હતી. વખતના વીતવાની સાથે વ્યાકુળતા પણ વધતી જતી. આખરે અનુગ્રહની એ અદ્ભુત આનંદદાયક ઘડી આવી પહોંચી. મારી નસો ખેંચાવા લાગી, મારું દેહભાન અનાયાસે આપો-આપ ભૂલાવા લાગ્યું, ને માની અલૌકિક શક્તિ મને સહસા સમાધિદશા તરફ દોરી ગઇ. એ દશામાં મને માનાં દર્શનનો દિવ્ય લાભ મળ્યો. માનાં મુખ પર અપાર્થિવ પ્રકાશ પથરાયલો, શાંતિ છવાયલી, શરીર પર ગુલાબી જેવા સુંદર રંગની સાડી હતી. સમસ્ત સ્વરૂપ કેટલું બધું સુંદર હતું. એવું દૈવી સ્વરૂપ સંસારમાં ક્યાંય નહોતું જોયું. કેશ ખુલ્લા તથા લાંબા હતાં. મેં ભાવવિભોર બનીને જણાવ્યું, “મા, ખૂબ ખૂબ તેજ ફેલાવી દો. આજુબાજુ બધે જ પ્રકાશ પ્રકાશ ફરી વળે તેવું કરી દો. રોજ દર્શન દો.”

માએ શાંતિપૂર્વક કહ્યું, “હજુ તો ખૂબ કામ કરવાનાં છે. કુક્કુટને પીંજરમાં પૂરી દીધું.”



“તમે મને રોજ રાતે દર્શન આપો.”

“ના, તેમ ના કરું.”

“કેમ નહિ ? બે ત્રણ દિવસને અંતરે તો આવવું જ પડશે.”

“સારું. બે ચાર દિવસે જરૂર આવીશ.”

“તમારા શુભાગમનનો નિશ્ચિત સમય કહી દો.”

“તેમ નહિ બંધાઉં. પણ આવીશ જરૂર અને મારી ઇચ્છા પ્રમાણે આવીશ.”

એ પછી એ અદૃશ્ય થઇ ગયાં. મેં કેટલીય વાર બોલાવ્યાં પરંતુ ઉત્તર ના મળ્યો.

એ અલૌકિક અનુભવથી મને આનંદ થયો. તો પણ માની ઇચ્છાનુસાર પરિપૂર્ણ કૃપાની પ્રાપ્તિ કરવાનો મનોરથ હજુ શેષ રહ્યો. મેં માન્યું કે ચૌદમી તારીખે દહેરાદુનમાં માએ પોતાનાં દર્શન અને અનુગ્રહનો બીજો દિવસ આપ્યો છે તે પ્રમાણે તે દિવસે મારા પર માની પૂર્ણ કૃપા વરસશે ને મારી સઘળી ઇચ્છા પૂરી થશે. મારામાં મારી જાત પ્રત્યે સતત જાગૃતિ હોવાથી જ હું એવો વિવેક કરી શકયો એ દેખીતું છે.

દહેરાદુન જઇને મેં યોગીરાજ શ્રી ભૈરવદત્ત જોશીના અતિથિ તરીકે રહેવા માંડયું. મને નિહાળીને એ પ્રસન્ન થયા. શરૂઆતના બે ત્રણ દિવસ પ્રાર્થના તથા પ્રતીક્ષાઓ પસાર થયા. છેવટે ચૌદમી તારીખ આવી પહોંચી. એ આખોય દિવસ મેં મૂક ચિંતામાં પસાર કર્યો. મૂક એટલા માટે કે મારી સઘળી સાધના ગુપ્ત રીતે ચાલ્યા કરતી. પરમ કૃપાળુ મા અને મારા અંતરાત્મા સિવાય એના સાક્ષી તરીકે બીજું કોઈ જ ન હતું.

એ દિવસોમાં મને રાતભર નિદ્રા નહોતી આવતી. રાત-નો સઘળો સમય હું બેસીને પસાર કરતો. એકાદ બે કલાક સમાધિનો અલૌકિક લાભ મળતો તે નિદ્રાની ગરજ સારતો. વિવેક દ્વારા જગતમાં જાગ્યો છું, ત્યારથી નિદ્રાની મોહિની-ને મેં યથાશક્તિ દૂર કરી છે.

પરંતુ આ મારો શાંત સમય તો જાગવા છતાંય એમને એમ પસાર થઇ રહ્યો છે ! મધરાત વીતી ગઇ છે તો પણ હજુ જગદંબાનું દર્શન નથી થયું. ખંડમાં મારી આગળ નીતરતાં નેત્રે નિહાળ્યા કરું છું પરંતુ જગદંબાનું જ્યોતિ-મય સ્વરૂપ જડતું જ નથી. આમ કેમ ? શું માના શબ્દો મિથ્યા ? મારી પ્રાર્થના બળવત્તર બનતી ગઈ.

થોડા વખતમાં જ આપોઆપ મને દેહાતીત દશાની પ્રાપ્તિ થઇ. કોઈક સ્વનામધન્ય સિદ્ધ પ્રાતઃસ્મરણીય મહા-પુરુષ મને માની પાસે લઇ ગયા. માનું સ્વરૂપ અતિશય પ્રકાશવાન હતું. મેં કહ્યું કે મને આટલાથી તૃપ્તિ નહિ થાય. મારે તો માના મધુમય મુખમંડળને જોવું છે. એના અમૃત-નું પાન કરવું છે.

પછી મને તરત જ માનું દર્શન થયું. અતિશય ગૌર, લાવણ્યમય, પ્રેમાળ, પ્રશાંત, ઉજ્વળ, મનહર મુખ, ગુલાબી સ્વરૂપ ને ગુલાબી સાડી. મેં ભાવવિભોર દશામાં માને ભેટી-ને જણાવ્યું : " મા, મને રિદ્ધિસિદ્ધિ આપો. "

માએ શાંત સ્વરે કહ્યું : " સર્વ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત હો. "

" વિશ્વનું કલ્યાણ. "

" વિશ્વનું કલ્યાણ પણ તારે હાથ હો. "

મા નીચે બેઠાં એટલે મેં પૂછ્યું : "આટલી બધી વાર કેમ લગાડી. કેટલીક બીજી વાતચીત કર્યા પછી મા સત્વર સહજ



રીતે જ અદૃશ્ય થયાં. મારી સમાધિની અલૌકિક અવસ્થા સુદીર્ઘ સમય પર્યંત ટકી રહી. એ અવસ્થા દરમ્યાન દેહ-ભાન આવતું અને પાછું આપોઆપ જતું રહેતું. આંખ-માંથી અશ્રુ ટપકતાં. એ અદ્ભુત અતિશય આનંદદાયક અવર્ણનીય અવસ્થાનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. મન માણે છે કિન્તુ તેને વાણી નથી.

એ અનુભવથી મને વધારે આનંદ થયો, કેમ કે મારા બે મહાન મંગળ મનોરથ પ્રમાણે વરદાન આપ્યાં. પરંતુ એ વરદાન રહેવાને બદલે સ્થૂળ ભૂમિકા પરથી કાર્ય કરે અથવા વ્યાવહારિક જીવનમાં સાકાર બને એવી આવશ્યકતા તો રહી જ. માનું સાક્ષાત્ દર્શન પણ મારે જાગૃતિ દશામાં ઈચ્છાનુસાર અખંડ અથવા સતત રીતે કરવું હતું. એટલા માટે મને હજુ વિશેષ સાધના કરવાની ને જગદંબાની કૃપાના ચાતક બનવાની આવશ્યકતા લાગી.

મારી મરજી ફરી વાર દેવપ્રયાગ જવાની હોવા છતાં જગદંબાના આદેશને અનુસરીને મેં ચંપકભાઈ પાસે વઢવાણ જવાનું ઠરાવ્યું. વઢવાણ પહોંચ્યા પછી પણ મારું સાધના કાર્ય ચાલુ રહ્યું. અંતરની વેદના કેમે ના શમી. એ દિવસો દરમ્યાન માનાં દિવ્ય દર્શનનો લાભ એક અથવા બીજી રીતે મળ્યા કરતો, તો પણ મારી ઇચ્છા પ્રમાણેના દર્શનાનુભવ માટેની ચિંતા ચાલુ જ હતી. તારીખ ૩૦ ડીસેમ્બર મંગળ-વારે સવારે અલૌકિક અનુભવ આપ્યો ત્યારે મેં પૂછ્યું: "મા, તમારા સાક્ષાત્ દર્શનનો ચોક્કસ દિવસ ને સમય કહો."

મા એ સુમધુર સ્વરે જણાવ્યું : "નંદપાંચમ."

એ અનુભવથી મને અતિશય આનંદ થયો. પરંતુ નંદ પાંચમ કોને કહેલી તે ના સમજાયું, વસંત પંચમી જ નંદ-

પાંચમ હશે એવું એ વખતે માની લીધું ને વસંત પંચમીની પ્રતીક્ષામાં વખત વીતવા માંડ્યો.

તા. ૩૦ મી જાન્યુ. ૧૯૪૮ની રાત્રે અચાનક શોકજનક, દુઃખના દરિયામાં ડૂબાડી દેનારા સમાચાર સાંભળ્યા કે મહાત્મા ગાંધીજીને કોઇએ ગોળી મારી, એથી એ ભયંકર રીતે ઘાયલ થયા, ધરતી પર ઢળી પડ્યા, અને અલ્પ સમયમાં જ અવસાન પામ્યા. એ સાંભળીને મારી આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. મસ્તક પર જાણે કે વીજળી પડી. શરીર પર વજ્રપાત થયો. પગની નીચેની પૃથ્વી સરકવા લાગી. શરીરની સ્થિરતાને કેમે કરી સાચવી રાખી. સ્તબ્ધ ને દુઃખ ભરેલા, દુઃખદાવાનલદગ્ધ દિલે હું ઊભો જ રહ્યો. જીવનમાં બીજા કોઇના મૃત્યુના સમાચાર મેં એટલા બધા કરુણાર્દ્ર આર્ત અંતરે નહોતા સાંભળ્યા.

અમારી સાથેનાં એક બેનની પર તો એ સમાચારની એવી અસાધારણ અસર થઇ કે એ અત્યંત ભાવમય બનીને સ્વસ્થતાને સાચવી ના શકવાથી નીચે પડી ગયાં. (ક્રમશઃ)

## વાંચકો ક્ષમા કરે

નવેમ્બર, ૮૫ના અંકની રવાનગી દિવાળી તેમજ રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસનું સ્થળાંતર થવાને લીધે, બાર દિવસ મોડી થઇ છે, તો વાંચકો ક્ષમા કરે.



પરમ પૂજ્ય, વંદનીય, પૂ. 'મા' જ્યોતિર્મયીના નિર્વાણદિન પ્રસંગે

# ટોરોન્ટો ધ્યાન કેન્દ્રનો સંદેશો

આજથી પાંચ વર્ષ પહેલાં મા જ્યોતિર્મયીના પાર્થિવદેહે ભાવનગરની ભાગ્યવંતી ભૂમિ ઉપરથી આપણા સૌની વચ્ચેથી વિદાય લીધી હતી. જેમ શ્રીરામ સાથે કૌશલ્યામાતાનું, શ્રીકૃષ્ણ સાથે જશોદામાતાનું તથા મહાવીર ભગવાન સાથે ત્રિશલામાતાનું નામ આજે પણ સહુ સંભારે છે તેમ વ્હાલા પૂ. શ્રી યોગેશ્વરજીની સાથે જ્યોતિર્મયીમાતાનું નામ આકાશમાંના સૂર્ય ચંદ્રની જેમ હરહંમેશ તેમના ભક્તોના પરિવારને યાદ રહેશે. અંગત રીતે જ્યોતિર્મયી માતા સાથે મારો લગભગ પાંત્રીસ વર્ષનો સંબંધ હતો, આજે તેમના નિર્મળ પ્રેમ, સહૃદયી સ્વભાવ, ભક્તિભાવભર્યા જીવનને યાદ કરતાં પ્રેમાંજલિ આપવાનું સદ્‌ભાગ્ય સાંપડયું છે. તમે સૌ સાથે મળી તેઓને પુષ્પાંજલિ આપશો. અમને સાથે રહી સહભાગી થવાનું સદ્‌ભાગ્ય સાંપડયું નથી પરંતુ અમારો ટોરોન્ટો ધ્યાનકેન્દ્ર કેનેડાનો આટલો સંદેશો જરૂરથી ભક્તજનોને સંભળાવશો.

પ્રસંગની સંપૂર્ણ સફળતા ઇચ્છતા તથા પૂ. 'મા' સર્વેશ્વરીને કોટિવંદન પાઠવતા ટોરોન્ટો ધ્યાનકેન્દ્રના સાધક ભાઇ બહેનો આ પ્રસંગને ચિરસ્મરણીય લેખે છે.

ટોરોન્ટો ધ્યાનકેન્દ્ર કેનેડા
વતી–સુરેશભાઇ તથા વિમળાબેન

## સત્કર્મ માટે સદ્‌ભાવભરી ભેટ

કેનેડાના સાધક ભાઇ બહેનોએ પ. પૂ. માશ્રી સર્વેશ્વરી ને સત્કર્મ માટે નીચે પ્રમાણેની ભેટ મોકલાવી છેઃ–

| | |
|---|---|
| શ્રી સુરેશભાઇ શાહ ટોરેન્ટો | ૭૫ ડોલર |
| ,, વિકાસ સુરેશભાઈ શાહ ટોરેન્ટો | ૨૧ ,, |
| શ્રી અશોકભાઇ અજીતભાઈ પાઠક ટોરેન્ટો | ૧૦૧ ડોલર |
| ,, નંદુભાઇ પટેલ કોર્નવોલ | ૧૦૧ ,, |
| ,, રાજુભાઇ શાહ ટોરોન્ટો | ૫૧ ,, |
| ,, રમેશભાઇ તલાટી ટોરેન્ટો | ૫૧ ,, |
| ,, જયંતીભાઇ સી. પટેલ ટોરેન્ટો | ૫૧ ,, |
| ,, મિનાક્ષીબેન પરીખ શિકાગો | ૫૧ ,, |
| ,, સુરેશભાઇ મિસ્રી ટોરેન્ટો | ૨૫ ,, |
| ,, વિનોદભાઇ શાહ ,, (નોકરી મળવા બદલ) | ૨૫ ,, |
| ,, વાસુદેવભાઇ વ્યાસ ટોરેન્ટો | ૨૧ ,, |
| ,, સુરેશભાઇ પરીખ ,, | ૨૧ ,, |
| ,, રમેશભાઇ પરીખ ,, | ૨૧ ,, |
| ,, મહેશભાઇ પરીખ | ૨૧ ,, |
| ,, સુરેશભાઇ દવે | ૨૧ ,, |
| ,, બળદેવભાઇ પટેલ | ૨૧ ,, |
| ,, વિપુલભાઇ પટેલ | ૨૧ ,, |
| ,, હર્ષદભાઇ તલાટી | ૨૧ ,, |
| ,, જયેન્દ્રભાઇ શાહ | ૧૧ ,, |
| ,, અનિલભાઇ નગરશેઠ ટોરેન્ટો | ૧૧ ,, |
| ,, પુરુષોત્તમદાસ પટેલ | ૧૫ ,, |
| શ્રીમતી દામિનીબેન વી. શાહ | ૧૧ ,, |
| શ્રીમતી જમનાબેન મુરારભાઇ પંચાલ | ૧૧ ,, |
| | ૭૭૯ ,, |

With Best Compliments From......

આજે માણસ વધુ સુશિક્ષિત બન્યો છે, તેણે ઘણો બૌદ્ધિક વિકાસ સાધ્યો છે, પરંતુ એનાથી આમ જનતાનું હિત ખાસ થયું નથી. કારણ સ્પષ્ટ છે કે તે વધારે પડતો સ્વ-કેન્દ્રિત થયો છે. એણે હૃદયની વિશાળતા ગુમાવી છે, ભાવના ને શ્રદ્ધાથી વિમુખ થયો છે, એટલે જ સંપત્તિ છતાં તે સાચુ સુખ કે આનંદ પામી શકતો નથી.

—યોગેશ્વરજી

**Ponlec Engineers & Manufacturers Pvt. Ltd.**

2/3 Lokhandpwala Bldg. Behind Surya Hotel
Sayaji Ganj, BARODA–5

## શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્ર

યુવક ભાઇ બહેનોએ પૂ. શ્રીના તેમજ પૂ. માશ્રી સર્વેશ્વરીના કાર્યમાં સહાયભુત થવા માટે શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્રનું નામાભિધાન સ્વીકાર્યું છે.

● તેઓએ પૂ. શ્રીના તથા પૂ. માશ્રી સર્વેશ્વરીનાં પુસ્તકો ટ્રસ્ટ પાસેથી ખરીદી ગુજરાતભરની જાણીતી લાયબ્રેરીઓમાં પહોંચાડવાનું પ્રશસ્તિ ભર્યું કાર્ય હાથ ધર્યું છે. અત્યાર સુધીમાં રૂા. ચાર હજારનાં પુસ્તકો તેઓએ લીધાં છે.

● આ વર્ષે સુંદર દિવાળી કાર્ડ છપાવી, સાધકોને ઓછી કિમ્મતે વહેંચવાનું પણ તેઓએ કાર્ય હાથ ધર્યું છે. પૂ. શ્રીના સુંદર લખાણવાળાં આ કાર્ડો માત્ર ૨૫ દિવસના ગાળામાંજ બધાં વેચાઈ ગયાં! ગુલાબનાં સુંદર ફૂલોના રંગવાળાં આ કાર્ડ લોકોમાં સારો આવકાર પામ્યાં છે. કાર્ડની કિમ્મત ૫૦ પૈસા ને દીપ તથા ભગવાન કૃષ્ણના ફોલ્ડરો રૂા. ૨–૦૦માં આપ્યાં છે.

● સત્યપથ કલ્યાણ કેન્દ્રની 'રોજનો રૂપિયો આપો' યોજનામાં ૪૦ જેટલાં ભાઇબહેનો જોડાયાં છે. પરદેશના પૂ. શ્રીના ભકતો પણ આ કાર્યમાં જોડાઈ સાથ આપી શકે. તેઓ દર બેત્રણ મહિને એક સામટી રકમ મોકલી શકે.

● રાજકોટ ખાતેના જન્માષ્ટમીના મેળામાં પૂ. શ્રી યોગેશ્વરજીનાં પુસ્તકોના વેચાણનો સ્ટોલ ઊભો કરી શ્રી અજયભાઇ કલોલા અને બીજા ભાઇઓએ પ્રશસ્ય કામ કર્યું છે.

● એ જ રીતે અમદાવાદ ખાતેની પ. પૂ. શ્રી ડોંગરેજીની તા. ૨૦–૧૦–૮૫ થી ૨૯–૧૦–૮૫ સુધીની કથામાં પણ આવો



એક સ્ટોલ રાખવામાં આવ્યો, તેમાં શ્રી અમિત ચાવાલા, શ્રી રંજનબેન ઠાકર તથા બીજાઓએ સારી મદદ કરી.

● શ્રી સત્યપથ કલ્યાણ કેન્દ્રને સહાય મોકલવાનું સરનામું:-શ્રી અતુલ કોન્ટ્રાકટર, ૩૬, પ્રોફેસર સોસાયટી, વલ્લભ વિદ્યાનગર, વાયા આણંદ ૩૮૮૧૨૦ અથવા પ. પૂ. માશ્રી સર્વેશ્વરીને, C/o. શ્રી જીતુભાઈ ગાંધી, ૫૫/૧ અરૂણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા–૫.

## અધ્યાત્મના નવા આજીવન સભ્યો

અધ્યાત્મ માસિકના વાચકોમાંથી નવા નવા આજીવન સભ્યો નોંધાતા જાય છે. તે પ. પૂ. ગુરૂદેવ અને પૂ. માશ્રી સર્વેશ્વરીની કૃપાનું પરિણામ છે. કેટલાક સાધકો પોતા તરફથી પોતાના સ્નેહીઓ કે સંસ્થાઓને આજીવન સભ્યો બનાવરાવે છે. આવા સાધકોને અભિનંદન ઘટે છે. નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ આ પ્રમાણે છે:–

| | | રૂા. |
|---|---|---|
| ૮૦૮ | શ્રી શાન્તિલાલ ભીમજીભાઇ પટેલ, જાંબુવા. | ૨૫૧ |
| ૮૦૯ | શ્રી રમેશભાઇ ગોરધનભાઇ પટેલ, જાંબુવા. (ઉપરના બન્ને સભ્યો શ્રી હર્ષદભાઇ દેસાઇ, અમેરિકા તરફથી) | ૨૫૧ |
| ૮૧૦ | શ્રી દેસાઇભાઇ બી. અમીન, ડભોઈ. (શ્રી બિપીનભાઈ પટેલ, અમેરિકા તરફથી) | ૨૫૧ |
| ૮૧૧ | શ્રી રતિલાલ જટાશંકર ત્રિવેદી, ભાવનગર. | ૨૫૧ |
| ૮૧૨ | શ્રી હિતેશ સૂર્યકાન્ત ભટ્ટ, ભાવનગર. | ૨૫૧ |
| ૮૧૩ | શ્રી ભીખુભાઇ ટી. પટેલ, વડોદરા. | ૨૫૧ |

| | | |
|---|---|---|
| ૮૧૪ | શ્રી રતિલાલ એમ. જોષી, મુંબઇ. | ૨૫૧ |
| ૮૧૫ | શ્રી ધનસુખલાલ ચંદુલાલ દેડકાવાલા, સુરત. | ૨૫૧ |
| ૮૧૬ | શ્રી પ્રફુલ્લભાઇ કે. દેસાઇ, સુરત. | ૨૫૧ |
| ૮૧૭ | શ્રી પ્રાણલાલ ડી. પટેલ, રાજકોટ. | ૨૫૧ |
| ૮૧૮ | શ્રી ઓલમ્પીક બેરીંગ પ્રા. લી. રાજકોટ. | ૨૫૧ |
| ૮૧૯ | શ્રી મગનભાઇ મોતીભાઈ પટેલ, લાછરસ. (શ્રી વિનોદભાઇ પટેલ, અમેરિકા તરફથી) | ૨૫૧ |
| ૮૨૦ | ન્યુ શૈલેષ ઈન્ડસ્ટ્રીઝ, રાજકોટ. | ૨૫૧ |
| ૮૨૧ | શ્રી હસમુખલાલ રણછોડદાસ મહેતા, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૨૨ | શ્રી મહેશભાઇ ડી. ઝાલા, અમદાવાદ. | ૨૫૧ |
| ૮૨૩ | શ્રી યોગેશભાઇ એ. મહેતા, પાલનપુર. | ૨૫૧ |
| ૮૨૪ | શ્રી જેરામભાઇ નાનજીભાઇ કણઝારિયા, ભાવનગર. | ૨૫૧ |
| ૮૨૫ | શ્રી દેવચંદ્રજી પુસ્તકાલય, લીમડી. (શ્રી મોહનભાઈ ચૌહાણ, મોરબી તરફથી) | ૨૫૧ |
| ૮૨૬ | શ્રી ચંપકભાઇ મથુરભાઇ પટેલ, વડોદરા. | ૨૫૧ |
| ૮૨૭ | શ્રી પુરુષોત્તમદાસ મોહનલાલ પટેલ, શેરથા. | ૨૫૧ |
| ૮૨૮ | શ્રી સંજયકુમાર ભીખુભાઇ મોરારભાઇ, સ્યાદલા. | ૨૫૧ |
| ૮૨૯ | શ્રી મનીષકુમાર છગનભાઈ રણછોડભાઈ ભક્ત. ,, | ૨૫૧ |
| ૮૩૦ | શ્રી વિનોદચંદ્ર રમણલાલ દેસાઈ, અમદાવાદ. | ૨૫૧ |

નોંધઃ-બીજાં નામો આવતા અંકમાં મૂકીશું.


With Best Compliments From.......

દિવ્ય તમારી દૃષ્ટિ ઢાળી
જીવન મારું ધન્ય કરી દો
કૃપા પ્યાસ સમાવી
પ્રકાશથી મુજ પ્રાણ ભરી દો.

—યોગેશ્વરજી



**Fabwel Eng. Corpn.**

905/5 G.I.D.C

Makarpura Road, BARODA 390 010

ૐ

## 卐 ભોજન કરતી વખતની પ્રાર્થના 卐

આ અન્ન બ્રહ્મા રૂપ છે. વિષ્ણુ પધાર્યા રસરૂપે,
આરોગનારા શિવ એવી ભાવના હૃદયે રહે.
પ્રાર્થના આજે કરુ છું અન્નદેવ ફરી વળી
જીવન શુદ્ધિ કાજ આપ, સહાય થાજો શ્રી હરિ.
જ્ઞાન ભક્તિ વધારવા, વૈરાગ્ય ભાવ જગાડવા,
અન્નદોષો દૂર થાજો, આ પ્રસાદીના બધા.
કણકણ બની જાઓ પ્રસાદી એજ આશ ઉરે ધરૂં,
શ્રી સદ્ગુરુ ચરણે નમીને ભાવથી ભોજન કરૂં;
શ્રી મા પ્રભુ ચરણે નમીને, ભાવથી ભોજન કરૂં.

卐

## 卐 સ્નાન કરતી વખતની પ્રાર્થના 卐

આ જળ માંહી પ્રેમે પધારો માત ગંગાજી હવે
યમુના તથા હે નર્મદા, ગોદાવરી, તાપી તમે,
સાબરમતી, સરયુ, સરસ્વતી સૌ પધારો ભાવથી,
સઘળા સમંદર દેવ આવો, આજ પ્રેમ થકી વળી.
તન મન તણા સૌ મેલ મારા દૂર કરજો સ્નાનથી
જીવન બનાવું તીર્થ-સરખુ-તીર્થમય એ જલ થકી.

શ્રી શ્રી મા સર્વેશ્વરી.


With Best Compliments From.......

નાંખ નિસાસા રડ ના ભાઈ,
હજી યે નથી બગડયું કાંઈ,
પ્રભુના પરમ પ્રદેશ તરફ,
હંકારી તું હોડી દે.

—યોગેશ્વરજી

**Milan Eng. Works**

Dabhoi Road
Pratap Nagar, BARODA-4

With Best Compliments From......

જે લોકો એમ માને છે કે અમે જે ધન કમાઈએ છીએ તે કેવળ અમારા જ સુખોપભોગ, એશઆરામ કે શરીરના લાલન–પાલન માટે છે તેઓ સમાજના દ્રોહી છે, કારણ કે આજે તમે જે કઈ છો, તેવા થવા માટે સમાજે તમારા માટે ઘણુ કર્યું છે. એટલે સમાજનો એ સેવાયજ્ઞ ચાલુ રાખવા તમારે તમારી સંપત્તિમાંથી યથાશક્તિ પ્રદાન કરતા રહેવું જોઈએ.

—યોગેશ્વરજી



**Madhusudan Eng. Industries**

855/B GIDC, Makarpura Road,
BARODA 390010

## * અભિનંદન *

અધ્યાત્મને ગ્રાહકો તેમજ આજીવન સભ્યો નોંધી મદદ-રૂપ થવા સાધક ભાઈબહેનો સારો એવો પુરૂષાર્થ કરે છે.

મોરબી નાનું સરખું શહેર છે, પરંતુ ત્યાંના ઉત્સાહી સાધક શ્રી હરિભાઇ ભોજાણી, શ્રી પ્રભુભાઈ હળવદિયા, શ્રી ગોરધનભાઇ કલોલા તેમજ શ્રી સુખલાલભાઈ, શ્રી મોહન-ભાઈ, શ્રી વિજયાબેન જાની વગેરે ખૂબ જહેમત ઉઠાવી સારી સંખ્યામાં ગ્રાહકો નોંધે છે. મોરબીએ અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા આજીવન સભ્યો તેમજ ૨૫૦ જેટલા વાર્ષિક ગ્રાહકો નોંધી આપ્યા છે. આ કાર્યમાં સહાય કરનાર સહુને અભિનંદન.

અમદાવાદના શ્રી કુમુદચંદ્ર ત્રિવેદી અને તેઓનાં પત્ની શ્રીમતી પુષ્પાબેને એકલે હાથે ૫૦ જેટલા ગ્રાહકો ને ત્રણ આજીવન સભ્યો નોંધી આપ્યા છે.

અમદાવાદના શ્રી કુસુમબેન શુક્લ, અને તેમના પતિ શ્રી કાંતિભાઈ, શ્રી રંજનબેન ઠાકર, તેમજ વલ્લભવિદ્યાનગરના શ્રી હરેશભાઈ કોન્ટ્રેક્ટર, રાજકોટના શ્રી હરસુખભાઈ પંડ્યા શ્રી વિજયભાઇ કનેરિયા, મુંબઇના શ્રી વિપુભાઈ જાની, તથા શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ, શ્રી હરિચંદ જાની, સુરતના શ્રી રમેશભાઈ પટેલ, તેમજ શ્રી હિમાંશુ પાઠક, વડોદરાના શ્રી ઈશ્વરભાઇ શાહ, શ્રી વિનુભાઈ અમીન, શ્રી ભરત ગાંધી, કપુરાના શ્રી મોહનલાલ ભક્ત, પાલનપુરના શ્રી વિજય પુરો-હિત વગેરે ભાઈઓનો ફાળો અધ્યાત્મના ગ્રાહકો નોંધી આપવામાં આગળ પડતો રહ્યો છે.

# સાધનાનું રહસ્ય

આત્મિક વિકાસની સાધનામાં જેમ જેમ આગળ વધશો, અને ચોક્કસપણે આગળ વધશો, તેમ તેમ સ્વાનુભવના આધાર પર તમે સમજી શકશો કે તમારા સમગ્ર જીવનની પાછળ એક અસાધારણ અથવા અલૌકિક શક્તિ કે ચેતના કામ કરી રહી છે. તે તમને માર્ગદર્શન આપી કે દોરી રહી છે તથા તમારી પ્રત્યેક પ્રવૃત્તિ પર ચાંપતી નજર રાખી રહી છે, એટલું જ નહિ, પરંતુ એ શકિતની યોજના કે ઈચ્છા પ્રમાણેજ તમારું સમગ્ર જીવન ચાલે છે. એ વાતની તમને ખાતરી થશે, ત્યારે તમારો બધોજ અહંકાર ઓગળી જશે અને કર્તાપણાના મિથ્યાભિમાનમાંથી તમને મુકિત મળશે.

પછી તો પ્રત્યેક પ્રકારની પ્રવૃત્તિ કરતી વખતે તમારી જાતને તમે એ અનંત સર્વોપરી શકિતના હાથમાં હથિયારરૂપ માનશો; તથા તમારા મનને એનામાં કેન્દ્રિત રાખશો. એમ કરવામાં તમને કોઇ જાતનો પરિશ્રમ નહિ પડે. પરંતુ એવી અનુભૂતિ કે માન્યતા તમારે માટે સાવ સ્વાભાવિક બની જશે. પછી તમારાથી પ્રવૃત્તિ થશે ખરી, પરંતુ પ્રવૃત્તિ તમારે માટે બાધક કે બંધનકારક નહિ થાય.

એ અલૌકિક અને સનાતન શકિતનું વધારે ને વધારે અનુસંધાન સાધવા તમે તત્પર બનશો, અને એનો સાક્ષાત્કાર કરવા માટે, જીવનની પ્રત્યેક પળને કામે લગાડી દેશો. એક-વાર એ ચૈતન્યના સંપર્કમાં આવ્યા પછી બધી રીતે તમે નિશ્ચિંત ને નિર્ભય બની જશો. એની સાથે ઉત્તરોત્તર એક-રૂપ થઇને શાંતિ અનુભવશો અને જીવનનો સાચો આનંદ માણી શકશો. સમર્પણ તમારા માટે પછી કોઇ સાધના નહીં, પરંતુ સ્વભાવ બની જશે. —યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ, ભાવનગર, ફોન : ૨૮૧૭૨
પ્રાપ્તિસ્થાનઃ– પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧